RNI No. GUJGUJ/2016/72734 TC No. GUJGUJ16705 ગાંધીનગર

# નવભારત

દૈનિક

Email : navbharatdaily2016@gmail.com www.govtofgaurang.com

Book Post
Navbharat Daily
Gandhinagar

તંત્રી : અશોક એન. દવે ● વર્ષ : ૦૩ ● અંક : ૧૦૯ ● તારીખ : ૧૮-૦૭-૨૦૧૮ ● બુધવાર ● પાના : ૪ ● કિંમત : ૫૦ પૈસા ● મો. +91 99099 69099

### ત્રિપલ તલાક બિલ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે

# આજથી મોનસુન સત્ર શરૂ : ત્રિપલ તલાક સહિત અનેક બિલ રજૂ થશે

## મોનસુન સત્ર દરમિયાન કેટલાક વટહુકમને બિલ તરીકે પસાર કરવા માટેના પ્રયાસો : ખેડૂત, બેરોજગારી, દલિત અત્યાચાર સહિતના મુદ્દે હોબાળો થશે

**(એજન્સી) નવી દિલ્હી,**

સંસદનુ મોનસુન સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યુ છે. આ સત્ર તોફાની બનવાના સાફ સંકેતો દેખાઇ રહ્યા છે. એકબાજુ વિરોધ પક્ષે જમ્મુ કાશ્મીરમાં હાલમાં પ્રવર્તી રહેલી સ્થિતી, ખેડુતોની સમસ્યા, બેરોજગારી અને દલિતો પર અત્યાચારના મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ભીંસમાં લેવા માટેની તૈયારી કરી લીધી છે. બીજી બાજુ મોદી સરકાર સત્રમાં ત્રિપલ તલાક સહિતના મુદ્દા પર બિલને પસાર કરવા માટે ઇચ્છુક છે. વિરોધ પક્ષો પાસેથી સહકારની માંગ કરવામાં આવી રહી છે. સંસદના મોનસુન સત્ર દરમિયાન વિરોધ પક્ષોની વ્યુહરચનાની સામે એનડીએ સરકારે પણ તેની રણનિતી તૈયાર કરી લીધી છે. મોનસૂન સત્ર ૧૮મી જુલાઈથી શરૂ થશે અને ૧૦મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું છે કે, મોનસુન સત્ર દરમિયાન કાર્યક્રમ મુજબ જ તમામ મુદ્દાઓ રજૂ કરવામાં આવશે. મોનસુન સત્ર દરમિયાન કેટલાક વટહુકમને પણ બિલ તરીકે પસાર કરવા માટે રજૂ કરવામાં આવશે. ત્રિપલ તલાક બિલ સરકારની મુખ્ય પ્રાથમિકતા તરીકે છે. આ બિલ લોકસભામાં પસાર કરવામાં આવ્યા બાદ રાજ્યસભામાં પેન્ડિંગ છે. સરકાર અન્ય પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવા સંબંધિત બિલને પણ પસાર કરવા ઇચ્છુક છે. સરકારના એજન્ડામાં મેડિકલ શિક્ષણ માટે રાષ્ટ્રીય આયોગ બિલ અને ટ્રાન્સઝેન્ડરો સાથે જોડાયેલા બિલ પણ સામેલ છે. મોનસુન સત્ર દરમિયાન અપરાધિક કાયદા સુધારા બિલ ૨૦૧૮ને રજૂ કરવાની પણ યોજના છે. આમા ૧૨ વર્ષની ઓછી વયની બાળકીઓ સાથે બળાત્કારના મામલામાં મૃત્યુદંડની સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉરાંત જુદા જુદા બિલ રજૂ કરવામાં આવનાર છે જેમાં જનપ્રતિનિધિ સુધારા બિલ ૨૦૧૭, ડેન્ટિસ્ટ સુધારા બિલ, ફરાર અપરાધી સાથેસંબંધિત બિલ ૨૦૧૮નો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય રમતગમત યુનિવર્સિટી બિલ ૨૦૧૭, ભ્રષ્ટાચાર અટકાયત સુધારા બિલ ૨૦૧૩ને પણ રજૂ કરવામાં આવશે. સત્ર દરમિયાન માનવ અધિકાર સુરક્ષા સુધારા બિલ, માહિતી અધિકાર સુધારા બિલ પણ રજૂ કરવામાં આવી શકે છે. સસંદના મોનસુન સત્ર શરૂ થાય તે પહેલા જ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સંસદના મોનસૂન સત્રમાં મહિલા અનામત બિલ લાવવા માટે માંગ કરી છે. રાહુલે પોતાના પત્રમાં કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી સંસદમાં આ બિલનું સમર્થન કરશે. રાહુલના આ પત્રને ભાજપના ત્રિપલ તલાક બિલના જવાબમાં જોવામાં આવે છે. હકીકતમાં ભાજપ પણ ત્રિપલ તલાક પર આ સત્રમાં જ બિલ લાવવા માટે ઈચ્છુક છે. જેથી વિપક્ષી પાર્ટીઓનો સહકાર માંગવામાં આવી રહ્યો છે. સંસદનું મોનસૂન સત્ર ૧૮મી જુલાઈથી શરૂ થશે અને ૧૦મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સંસદ અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળે તેવી અમારી ઈચ્છા છે. કેન્દ્રિય મંત્રી અરૂણ જેટલી સંસદના અતિ મહત્વપૂર્ણ મોનસૂન સેશનમાં હાજરી આપશે નહીં. અરૂણ જેટલી તબીબોની સૂચના મુજબ હાલ આરામ ઉપર છે. ૧૪મી મેના દિવસે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એમ્સમાં અરૂણ જેટલીએ કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરાવી હતી. અરૂણ જેટલી છેલ્લા ઘણા સમયથી રાજકીય રીતે સક્રિય નથી. અરૂણ જેટલીની ગેરહાજરીમાં ભારતીય જનતા પાર્ટી રાજયસભામાં ગૃહના નવા નેતા તરીકે કોઈ અન્યની પસંદગી કરશે. આ પોસ્ટ હાલમાં અરૂણ જેટલી પાસે છે. મોનસુન સત્ર જોરદાર તોફાની બની શકે છે. સત્ર દરમિયાન જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો પર સતત કરવામાં આવી રહેલા ત્રાસવાદી હુમલા, દેશની આર્થિક સ્થિતી, બેરોજગારી, સુરક્ષા વ્યવસ્થા સહિતના મામલે ચર્ચા કરવામાં આવશે. આ તમામ મુદ્દા રાજકીય ગરમી જગાવી શકે છે. આ મુદ્દે સરકારને ભીંસમાં લેવા માટે કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ કમર કસી લીધી છે. સરકાર વિરોધ પક્ષોનો સામનો કરવા તૈયાર છે.

### લોકો સાથે સંબંધિત મુદ્દાઓ ઉઠાવવાનો નિર્ણય

# સરકારને ભીંસમાં લેવા માટે વિપક્ષની આક્રમક તૈયારીઓ

## ગૃહની કામગીરી સાનુકુળરીતે ચલાવવાના મુદ્દે ઉત્સુકતા

**(એજન્સી) નવી દિલ્હી,**

વિરોધ પક્ષો મોનસુન સત્રને લઈને આક્રમક તૈયારી કરી ચુક્યા છે. સરકારને ભીંસમાં લેવા માટે જોરદાર યોજના તૈયાર થઇ ચુકી છે. સત્ર દરમિયાન સામાન્ય લોકો સાથે જોડાયેલા જુદા જુદા મુદ્દા ઉપર વિપક્ષી દળો વ્યાપક સહમતિ સાથે આગળ વધનાર છે. તમામ વિરોધ પક્ષોના નેતાઓનું કહેવું છે કે, બંને ગૃહોની કામગીરી સાનુકુળરીતે ચાલે તે માટેની જવાબદારી સરકારની બને છે. રાજ્યસભામાં નાયબ અધ્યક્ષની ચૂંટણીમાં સત્તારુઢ ભાજપ દ્વારા વિલંબને લઈને વિપક્ષ રાહ જોવાની નીતિ અપનાવવા માટે ઈચ્છુક છે. સંસદના મોનસુન સત્રમાં બેરોજગારી, એમએસપી, કૃષિ સંકટ, મોબલિચિંગ, લઘુમતિઓ સાથે સંબંધિત મુદ્દોઓ, દલિતો અને આદિવાસીઓ ઉપર અત્યાચાર, પેટ્રોલિયમ પેદાશોની વધતી જતી કિંમતો સહિતના મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. સર્વપક્ષીય બેઠકમાં પણ આ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાત કહી ચુક્યા છે કે, વિરોધ પક્ષોમાં એવા મુદ્દા પર સહમતિ છે કે, લોકો સાથે સંબંધિત મુદ્દાઓને ઉઠાવવામાં આવશે અને ચર્ચા કરવામાં આવશે.

### યે રાતે નહીં પુરાની આતે જાતે કહેતી....

# રીટા ભાદુરીનું મુંબઈમાં દુખદ અવસાન થયું : આઘાતનું મોજુ

## સાવન કો આને દો, જુલી, રાજા જેવી ૭૦થી વધુ ફિલ્મોમાં રીટા ભાદુરીએ ભૂમિકા ભજવી હતી : એટેકથી અવસાન

**(એજન્સી) મુંબઈ,**

લોકપ્રિય અભિનેત્રી રીટા ભાદુરીનું આજે અવસાન થતાં બોલીવુડ અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. સાવન કો આને દો, જુલી, હીરો નંબર વન અને બેટા જેવી ફિલ્મો મારફતે પોતાની અલગ ઓળખ ઉભી કરનાર રીટા ભાદુરીના અવસાનથી બોલીવુડના તમામ લોકોએ આઘાતની લાગણી વ્યક્ત કરી છે. રીટા ભાદુરી છેલ્લા બે સપ્તાહથી જુહુના સુજય હોસ્પિટલમાં દાખલ હતી. સોમવારની મોડી રાત્રે હાર્ટએટેક થયા બાદ તેમનું અવસાન થયું હતું. છેલ્લા ૧૦ દિવસથી હોસ્પિટલમાં રીટા ભાદુરી ભરતી હતા. અભિનેત્રીની ભત્રીજી મિની ભાદુરીએ કહ્યું છે કે, તેમને કિડનીની તકલીફ હતી. શરીરના અનેક હિસ્સા નબળા પડી ગયા હતા. એટેકના કારણે સોમવારે રાત્રે ૧.૪૫ વાગે તેમનું અવસાન થયું હતું. અભિનેતા શીશીર શર્માએ રીટા ભાદુરીના અવસાન અંગે સ્પષ્ટ વાત કરી છે. સૌથી પહેલા તેમના દ્વારા માહિતી આપવામાં આવી હતી. પોતાના પેજ ઉપર શિશિરે કહ્યું હતું કે, તેઓ દુખ સાથે કહી રહ્યા છે કે, રીટા ભાદુરી અમને છોડીને જતાં રહ્યા છે. આજે બપોરે ૧૨ વાગે તેમનો અંતિમસંસ્કાર કરવામાં આવ્યો હતો. બપોરના ગાળામાં અંધેરી પૂર્વના સ્મશાન ગૃહમાં રીટા ભાદુરીના અંતિમસંસ્કારની વિધિ કરવામાં આવી હતી. અંતિમસંસ્કારમાં શિશિર શર્મા અને સતીષ શાહ ઉપસ્થિત રહ્યા હતા. રીટા ભાદુરી છેલ્લે ટીવી સિરિયલ નિમ કી મુખિયામાં નજરે પડી હતી જેમાં તેમની ઈમ્રતીદેવીની ભૂમિકા લોકપ્રિય રહી હતી. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે પણ રીટા ભાદુરીના લાંબા સમય સુધી સંબંધ હતા. ગુજરાતી ન હોવા છતાં ગુજરાતી સિનેમાની સૌથી સફળ અભિનેત્રીઓમાં તેમને ગણવામાં આવે છે. એક ભોજપુરી ફિલ્મમાં પણ ભુમિક ભજવી હતી. ૭૦, ૮૦ અને ૯૦ના દશકમાં રીટા ભાદુરીએ અનેક ફિલ્મોમાં સહઅભિનેત્રીની ભૂમિકા ભજવી હતી. ૧૯૭૯માં આવેલી રાજશ્રી પ્રોડકશનની સાવન કો આને દો અને ૧૯૯૫માં આવેલી રાજા માટે રીટા ભાદુરીને વિશેષરીતે ઓળખવામાં આવે છે. અનેક વખત જયા બચ્ચનની નાની બહેન તરીકે પણ રીટા ભાદુરીને લોકો ઓળખી કાઢતા હતા. ત્રણ દશકના લાંબા ગાળામાં રીટા ભાદુરીએ ૭૦થી વધુ ફિલ્મો કરી હતી. જયારે સારાભાઈ વર્સેસ સારાભાઈ, છોટી બહુ, કુમકુમ, એક નઈ પહચાન, હસરતેં, મુઝરિમ હાજીર હો, થોડા હે થોડે કી જરૂરત હૈ, ચુનૌતી અને ખિચડી જેવી ૩૦થી વધુ સિરિયલોમાં ભૂમિકા ભજવી હતી. રીટા ભાદુરીને ફિલ્મ ફેર એવોર્ડ રાજા અને સાવન કો આને દો માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી માટે મળ્યો હતો. ૧૯૭૫માં રજુ થયેલી સુપરહિટ ફિલ્મ જુલીમાં ઉષાની ભૂમિકાને ચાહકો હજુ ભુલી શક્યા નથી. કુમકુમ ભાગ્યવિધિતામાં તેમની સાથે કામ કરી ચુકેલી જુહીનું કહેવું છે કે, રીટા ભાદુરી શ્રેષ્ઠ અભિનેત્રી તરીકા હતા. અભિનેતા અનિલ કપૂરે પોતાની પ્રતિક્રિયામાં આઘાત વ્યક્ત કર્યો છે. અનિલ કપૂરે ઘર હો તો ઐસા, બેટા જેવી ફિલ્મોમાં ભૂમિકા ભજવી હતી. ૧૯૫૫માં જન્મેલી રીટા ભાદુરી ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટ્યુ ઓફ પુણેમાં અભ્યાસ કરીને આગળ વધી હતી. લોકપ્રિય અભિનેત્રી ઝરીના વહાબ



સાથે રીટા ભાદુરી અભ્યાસ કરી રહી હતી. ઝરીના વહાબે પણ રીટા ભાદુરીના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યું છે. ઝરીના વહાબનું કહેવું છે કે, શિરડીમાં છેલ્લે ગયા હતા ત્યારે છેલ્લી મુલાકાત થઇ હતી. ૬૨ વર્ષની વયમાં તેમનું આજે અવસાન થયું હતું.

### અમદાવાદનું નામ કર્ણાવતી કરવાનું સૂચન કર્યું

# બેરોજગારીના જટીલ મુદ્દા પર માઇક્રોલેવલથી ધ્યાનની જરૂર

## અમદાવાદનું નામ બદલવાના સુબ્રમણ્યમના નિવેદનથી ફરી રાજકીય ગરમાવો : યુથ પાર્લામેન્ટનું સમાપન કરાયું

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

દેશના જાણીતા અર્થશાસ્ત્રી અને રાજયભાના સાંસદ ડો.સુબ્રમણ્યમ્ સ્વામી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઉદ્દેશીને અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા બાબતે કર્ણાવતી યુનિવર્સિટી ખાતે યોજાયેલી અનોખી યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા-૨૦૧૮માં ગઈકાલે કરાયેલા સૂચન અને નિવેદનને લઇ ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ડો.સ્વામીએ પોતાના વકતવ્યમાં ગઈકાલે જણાવ્યું હતું કે, વર્ષો પહેલાં નરેન્દ્ર મોદીએ અમદાવાદનું નામ કર્ણાવતી શહેર કરવા બાબતે તત્કાલીન વડાપ્રધાનને પત્ર લખ્યો હતો પરંતુ આજે નરેન્દ્ર મોદી પોતે જ વડાપ્રધાન પદ પર છે ત્યારે તેમણે તાત્કાલિક ધોરણે અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી મહાનગર કરવું જોઇએ. બે દિવસીય યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા-૨૦૧૮નું ગઈકાલે ભવ્ય સમાપન થયું હતું, આ પ્રસંગે ડો.સ્વામીએ દેશમાં રોજગારી અને બેરોજગારીના મુદ્દાને લઈને જણાવ્યું હતું કે, દેશમાં પાંચ ટકા વસ્તી જ બેરોજગાર છે એવું કહી શકાય પરંતુ બાકીના ૯૫ ટકા લોકો દિવસમાં બેથી ચાર કલાક કામ કરે છે અથવા તો ડેઈલી બેઝીઝ પર કામ કરે છે. તેઓની પાસે કાયમી જોબ સીકયોરીટી નથી. વડાપ્રધાન મોદી બેરોજગારીના પ્રશ્નના નિવારણ માટે માઈક્રો લેવલે કામ કરી રહ્યા છે પરંતુ આપણે પણ આ સમસ્યામાં માઈક્રો લેવલથી જોવું પડશે. તેમણે એવી સલાહ પણ આવી હતી કે, દેશની બિઝનેસ સ્કૂલો અને સંસ્થાઓએ વિદ્યાર્થીઓને તેમનું મૂલ્યાંકન કરતા શીખવવુ પડશે અને તેમને કોઈના હાથ નીચે નોકરી કરવાના બદલે પોતાનો ખુદનો બિઝનેસ શરૂ કરવા પ્રોત્સાહિત કરવા પડશે. આજના નવયુવાનોને નવા સંશોધનો અને એન્ટરપ્રિન્યોરશીપનું માળખું શીખવાની તાતી જરૂર છે. એન્ટરપ્રિન્યોરશીપ એ બીજું કંઇ નથી પરંતુ ગણતરીપૂર્વકનું લીધેલું જોખમ, તાર્કિક રીતે વિચારવું અને ત્યારબાદ લેવાતા પગલાં છે. સરકાર પાસેથી અપેક્ષાની વાત પછી આવે છે, સૌથી પહેલા તો, નવા ભારતના યુવાન બનો, નહી કે, બ્રિટીશ શાસકોએ આપણને જે બનાવ્યા છે તે. દરમ્યાન ડો.સત્યનારાયણ સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, દુનિયાભરની સરકારો રોજગારની વાતને લઈ ચર્ચા કરી રહી છે પરંતુ મને ત્યારે ચિંતા થાય છે કે, જયારે અહીં મંદિરો, ધર્મ અને જાતિને લઈ ચર્ચા થતી જોવા મળે છે. તમે જયારે રોજગારની વાત કરો ત્યારે સ્વાભાવિક રીતે જ તેમાં રાજકીય દરમ્યાનગીરી હોય છે. તેમણે યુવાનોને ઉદ્દેશતાં જણાવ્યું કે, એન્ટરપ્રિન્યોરશીપ, સંશોધનો, ફલેક્સીબલ જોબ્સ અને કલાકો, ગમે ત્યાંથી અને ગમે ત્યારે કામ કરવું એ જ ભવિષ્ય છે અને એ ભવિષ્ય તમે જ નિર્માણ કરી શકો છો. તમારે જીંદગીમાં સતત કામ કરતા રહેવું જોઈએ અને કાર્યરત રહેવું જોઈએ. આ પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા ડો.સંબિત પાત્રા, પોંડિચેરીના લે.ગવર્નર ડો.કિરણ બેદી, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા પવન ખેરા, કર્નલ રાજયવર્ધનસિંહ રાઠોર એવીએસએમ (નિવૃત્ત), કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના પ્રધાન શ્રી પુરૂષોત્તમ રૂપાલા, અનુપમ મિશન મોગરીના સંત ભગવાન પરમ પૂજય સાહેબજી સહિતના મહાનુભાવોએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરના વાવોલ-ઉવારસદ રોડ પર કર્ણાવતી યુનિવર્સિટી ખાતે બે દિવસીય યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા-૨૦૧૮નું શનિવારે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે ઉદ્ઘાટન કર્યું હતું. ઉદ્ઘાટનના પ્રથમ દિવસે અમિત શાહ ઉપરાંત રાજયના મુખ્ય પ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્ય પ્રધાન નિતિનભાઈ પટેલ, ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી. ગૃહ રાજય પ્રધાન પ્રદિપસિંહ જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રવચનો કર્યા હતા. યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા-૨૦૧૮ના વિજેતા તરીકે નારાયણ ગુરૂ કોલેજની ઐશ્વર્યા જૈન, નિરમા લો યુનિવર્સિટીના પૃથ્વીરાજસિંહ ઝાલા, એચ.એલ.કોમર્સ કોલેજના કાર્તિકેય ઉપાધ્યાય,અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટના અર્હમ પિન્ચાને બિરદાવાયા હતા.

### શહેરમાં વધતો જતો ચેઇન સ્નેચરોનો ત્રાસ

# ગ્રામ્ય કોર્ટના મહિલા સુપ્રિ.ના ગળામાંથી ચેઇન સ્નેચીંગ થઈ

## મહિલા સુપ્રિટેન્ડન્ટ દ્વારા મણિનગરના પોલીસ મથમકમાં ફરિયાદ નોંધાવાઇ : ચેઇન સ્નેચરો હજુપણ સકંજાથી દુર

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેરમાં દિન પ્રતિદિન ચેઈન સ્નેચરોનો ત્રાસ વધતો જાય છે. ચેઈન સ્નેચરો બેખોફ બનીને ચેઈન સ્નેચીંગના ગુનાને બિન્દાસ્ત રીતે અંજામ આપી રહ્યા છે. તાજેતરમાં જ શહેરની મીરઝાપુર ગ્રામ્ય કોર્ટમાં સુપરિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતાં હીનાબહેન ભટ્ટના ગળામાંથી ચેઈન સ્નેચરો સોનાની ચેઈન લૂંટીને ફરાર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. હીનાબહેને આ અંગ મણિનગર પોલીસમાં અરજી આપી ચેઈન સ્નેચરોને પકડવા પોલીસને સમય આપ્યો હતો પરંતુ ૧૫ દિવસ બાદ પણ પોલીસ ચેઈન સ્નેચરોને પકડી નહી શકતાં આખરે મીરઝાપુર ગ્રામ્ય કોર્ટના મહિલા સુપ્રિટેન્ડન્ટ હિનાબહેન ભટ્ટે આખરે મણિનગર અજાણ્યા ચેઈન સ્નેચરો વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી. મણિનગર પોલીસે મામલાની ગંભીરતા ધ્યાને લઈ સઘન તપાસ આરંભી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરન મણિનગર વિસ્તારમાં આવેલ સહારા એપાર્ટમેન્ટમાં રહેતાં અને મીરઝાપુર ગ્રામ્ય કોર્ટમાં સુપરિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતાં હીનાબહેન ભટ્ટ (ઉ.વ.૫૫)એ મણિનગર પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા યુવકો વિરુદ્ધમાં ચેઈન સ્નેચિંગ મામલે ફરિયાદ કરી છે. ફરિયાદમાં કરાયેલા આક્ષેપ પ્રમાણે, તારીખ ૧ જુલાઈના રોજ હીનાબહેન કાંકરિયા ખાતે મોર્નીંગ વોક માટે ગયાં હતાં. મોર્નીંગ વોક કરીને હીનાબહેન પરત આવતાં હતાં તે સમયે એક્ટિવા પર આવેલા બે અજાણ્યા શખ્સો તેમના ગળામાંથી ૪૫ હજાર રૂપિયાની સોનાની ચેઈન ખેંચીને ફરાર થઈ ગયા હતા. હીનાબહેને બૂમાબૂમ કરતાં લોકો ભેગા થઈ ગયા હતા, જોકે ચેઈન સ્નેચરો એક્ટિવા લઈને રામબાગ તરફ જતા રહ્યા હતા. તે સમયે હીનાબહેન મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે ગયાં હતાં, જોકે પોલીસે તેમની અરજી લઈને તપાસ શરૂ કરી હતી. આ સમગ્ર મામલે ફરિયાદી હીનાબહેને જણાવ્યું છે કે ચેઈન સ્નેચરોએ ચેઈન તોડ્યા બાદ તેઓ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા માટે ગયાં તે સમયે પોલીસે ફરિયાદની જગ્યાએ અરજી આપવાનું કહ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે અરજીની તપાસમાં જો આરોપીઓ પકડાઈ જાય તો પોલીસ સ્ટેશનથી તમારો મુદ્દામાલ મળી જશે. ૧૫ દિવસમાં આરોપીઓ પકડાઈ જશે તેવું કહેતાં અમે પહેલાં અરજી આપી હતી. જો કે, હજુ સુધી આરોપીઓ નહી પકડાતાં હવે ચેઈન સ્નેચરો વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી છે.

નવભારત **તંત્રીલેખ**

## દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ માટે ચેતવણી

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં અતિ ભારે વરસાદનો દોર હજુ જારી રહી શકે છે. જેથી તંત્ર હાઈએલર્ટ ઉપર છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. એકબાજુ છેલ્લા એક અઠવાડિયાથી રાજયના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજા વરસાદી કહેર વરસાવી રહ્યા છે તેવામાં હજુ પણ હવામાન ખાતાએ આગામી ૨૪ કલાકમાં આ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરતાં સ્થાનિક પ્રજાજનો ચિંતામાં મૂકાયા છે ત્યારે બીજીબાજુ, તંત્રને એકદમ હાઈએલર્ટ પર રખાયું છે. હવામાન ખાતા દ્વારા ગુજરાત રાજ્યમાં આવતા ૨૪ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના પંથકો ઉપરાંત દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહેસાણા, અરવલ્લી, અમદાવાદ, ખેડા, વડોદરા, આણંદ, ડાંગ, તાપી, ભરુચ, નર્મદા તેમજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ, અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની પૂરી શકયતા છે. રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને પગલે તંત્રને હાઈએલર્ટ કરી દેવાયું છે. રાજયમાં વધુ વરસાદની શક્યતાને જોતા રાહત અને બચાવ કામગીરી માટે હાલ એનડીઆરએફની પાંચ ટીમ સહિતની રાહત-બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, વધુ પાંચ ટીમો પણ ગુજરાતમાં આવી રહી છે. રાજ્ય સરકારે એરફોર્સને પણ મદદ માટે જરુર પડ્યે તૈયાર રહેવા માટે જણાવી દીધું છે. દરેક જિલ્લામાં તેમજ રાજયકક્ષાએ ગાંધીનગરમાં પણ ૨૪ કલાક કંટ્રોલ રુમો શરુ કરી દેવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક હિસ્સાઓમાં આજ સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વરસાદના કારણે સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે, અને ડેમોમાંથી પાણી છોડાતા કેટલાક વિસ્તારોમાં ગામો પણ સંપર્ક વિહોણા બન્યા છે. ભારે વરસાદને કારણે સૌરાષ્ટ્રમાં મીટર ગેજ સેક્શનની તમામ ટ્રેનોને પણ ૧૭ જુલાઈથી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી આ રુટની તમામ ટ્રેનો બંધ રહેશે. આ સેક્શનમાં અમરેલી-વેરાવળ-અમરેલી, જુનાગઢ-અમરેલી-જુનાગઢ, દેલવાડા-વેરાવળ-દેલવાડા, દેવલાડા-જૂનાગઢ-દેલવાડા ટ્રેનોનો સમાવેશ થાય છે. જેને લઈને સૌરાષ્ટ્ર તરફના મુસાફરો અને ત્યાંથી અમદાવાદ તરફ આવવા ઈચ્છતા મુસાફરો ભારે હાલાકીમાં મૂકાયા છે.

## રજનિકાંત-અક્ષય કુમારની ફિલ્મને લઇ ખુબ ઇન્તજાર

**(એજન્સી) મુંબઇ,**

બોલિવુડ સ્ટારની બોલિવુડમાં પોતાની એક્ટિંગ કુશળતાના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી મોટા સ્ટારની યાદીમાં રહેલા અક્ષય કુમારની મોટી ફિલ્મ ટુ હવે વર્ષ ૨૦૧૮માં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મને હવે ૨૯મી નવેમ્બર ૨૦૧૮ના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ફિલ્મમાં રજનિકાંત મુખ્ય સ્ટાર તરીક છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકે એમી જેક્સન છે. દિવાળી પર અક્ષય કુમારની મોટી ફિલ્મ રજૂ કરવાની યોજના હતી. જેમાં રજનિકાંત મુખ્ય અભિનેતા તરીકે છે. ટુ નામની આ ફિલ્મમાં તે વિલન તરીકે રજૂ થનાર છે. દિવાળી પર ફિલ્મને રજૂ કરવાની યોજના હતી. તમામ ફિલ્મોમાં તેની જુદી જુદી ભૂમિકા રહેશે. આ વર્ષે અક્ષય કુમારની સૌથી પહેલા જોલી એલએલબી-૨ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. જેમાં તેની સાથે હુમા કુરેશીની મુખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા હતી.ફેબ્રુઆરી મહિનામાં રજૂ થયેલી આ ફિલ્મ એક કોર્ટ ડ્રામા ફિલ્મ હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી.

### શાકભાજી, પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં ઉલ્લેખનિય વધારો

# મોંઘવારી વધી : WPI ફુગાવો વધી ૫.૭૭ ટકાની સપાટી પર

### શાકભાજીમાં ફુગાવો ૨.૫૧ ટકાથી વધીને જૂનમાં ૮.૧૨ ટકા થયો : બટાકા, ડુંગળીની કિંમતમાં પણ નોંધાયેલો વધારો : કઠોળની કિંમતમાં ઘટાડાનો દોર



**(એજન્સી) નવી દિલ્હી,**

હોલસેલ પ્રાઈઝ ઉપર આધારિત ફુગાવાનો આંકડો આજે જારી કરવામાં આવ્યો હતો. શાકભાજી અને ફયુઅલની ચીજવસ્તુઓની કિંમતોમાં વધારો થવાના પરિણામ સ્વરૂપે જૂન મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઉપર આધારીત ફુગાવો વધીને ૫.૭૭ ટકા સુધી પહોંચી ગયો છે. મે મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો (ડબલ્યુપીઆઈ) ૪.૪૩ ટકા રહ્યો હતો. ગયા વર્ષે જૂન મહિનામાં આ આંકડો ૦.૯૦ ટકા હતો. સરકાર દ્વારા આજે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાતા માઈક્રો ઈકોનોમિક ડેટા જારી કરવામાં આવ્યા હતા. ખાદ્યાન્ન ચીજવસ્તુઓમાં રહેલા ફુગાવામાં વધારો થયો છે. આ ફુગાવો જૂન ૨૦૧૮માં ૧.૮૦ ટકા રહ્યો છે. જે અગાઉના મહિનામાં ૧.૬૦ ટકા હતો. શાકભાજીમાં ફુગાવો જૂન મહિનામાં વધીને ૮.૧૨ ટકા થયો છે. જે ગયા મહિનામાં ૨.૫૧ ટકા હતો. શાકભાજીની કિંમતમાં ઉલ્લેખનિય વધારો થતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને માઠી અસર થઈ છે. આવી જ રીતે ફયુઅલ અને પાવર બાસ્કેટમાં ફુગાવો જૂન મહિનામાં વધીને ૧૬.૧૮ ટકા થયો છે જે મે મહિનામાં ૧૧.૨૨ ટકા હતો. વૈશ્વિક ક્રુડ ઓઈલની કિંમતમાં વધારો થવાના પરિણામ સ્વરૂપે આ મહિના દરમિયાન સ્થાનિક ફયુઅલની કિંમતમાં વધારો થયો છે. જેમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો સામેલ છે. બટાકાના ફુવાવામાં ટોચની સપાટી જોવા મળી છે. મે મહિનામાં બટાકામાં ફુગાવો ૮૧.૯૩ ટકા હતો. જેની સામે વધીને ૯૯.૦૨ ટકા થયો છે. જયારે ડુંગળીની કિંમતમાં જૂન મહિનામાં વધારો થયો છે. ડુંગળીમાં ભાવ વધારો ૧૮.૨૫ ટકા સુધી રહ્યો છે જે અગાઉના મહિનામાં ૧૩.૨૦ ટકા હતો. કઠોળની કિંમતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. જૂન મહિનામાં કઠોળમાં ફુગાવો ૨૦.૨૩ ટકા નોંધાયો હતો. એપ્રિલ મહિના માટે ડબલ્યુપીઆઈ ફુગાવો ૩.૬૨ ટકા રહ્યો હતો. ગયા સપ્તાહમાં જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે રિટેઈલ ફુગાવો જૂન મહિનામાં પાંચ ટકા રહ્યો છે જે પાંચ મહિનાની ઉંચી સપાટી છે. આના માટે મુખ્ય કારણ ફયુઅલની વધતી જતી કિંમત રહી છે. મોનિટરી પોલિસી નક્કી કરતી વેળા રિટેઈલ ફુગાવાના આંકડાને આરબીઆઈ દ્વારા હંમેશા ધ્યાનમાં લેવામાં આવે છે. આરબીઆઈની આગાહી મુજબ જ ફુગાવો વધી રહ્યો છે. આરબીઆઈએ તેના રીટેઈલ ફુગાવાના અંદાજને અગાઉના ૪.૪ ટકાથી વધારીને ઓકટોબર-માર્ચના ગાળા દરમિયાન ૪.૭ ટકા કર્યો છે. તેની બીજી નાણાકીય નીતિ સમીક્ષામાં રિઝર્વ બેંકે ગયા મહિનામાં જ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો હતો. છેલ્લા ચાર વર્ષના ગાળામાં પ્રથમ વખત વધારો કરવામાં આવ્યો હતો. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ પ્રથમ વખત વ્યાજદર વધારી દેવામાં આવ્યો હતો. વૈશ્વિક ક્રુડની કિંમતમાં વધારો જારી રહેતા સ્થાનિક કિંમતોમાં પણ વધારો થયો છે. આરબીઆઈની આગામી મહત્વપૂર્ણ બેઠખ ૩૦મી જુલાઈથી પહેલી ઓગસ્ટ દરમિયાન મળનાર છે જેમાં વ્યાજદર અંગે ચર્ચા થશે.

### પશ્ચિમ બંગાળમાં ખેડૂતોના મુદ્દે મમતા બેનર્જી પર તેજાબી પ્રહારો

# સાહસ અને સંકલ્પ છે તો સિન્ડીકેટ પણ તૂટી શકે : મોદી

### માં, માટી અને માનુષની વાતો કરનારની પાછળ આઠ વર્ષના અસલી ચહેરાને બંગાળના લોકો જોઈ ચુકયા છે : હાલમાં બંગાળમાં પૂજા કરવી મુશ્કેલ

**(એજન્સી) મિદનાપુર,**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળમાં ખેડૂતોના મુદ્દાઓ મારફતે પશ્ચિમ બંગાળ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. સાથે સાથે અન્ય વિરોધ પક્ષો ઉપર પણ પ્રહાર કર્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે ખેડૂતો માટે કોઈએ પણ કોઈ વિચારણા કરી નથી. મોદીએ દાવો કર્યો હતો કે તેમની સરકારે ખેડૂતો માટે એમએસપી વધારીને દેશના અન્નદાતાની આવક વધારવા માટેનું કામ કર્યું છે. સરકારની સિદ્ધિઓને રજુ કરતા વિરોધ પક્ષો પર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં હવે પૂજા કરવાની બાબત પણ મુશ્કેલ બની ગઈ છે. ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ સરકાર સિન્ડીકેટ તરીકે છે. મોદીએ કહ્યું હતું કે અહીં સિન્ડીકેટને પૈસા આપ્યા વગર કામ કરવું ખૂબ મુશ્કેલ છે. વડાપ્રધાનની આ રેલીમાં ૨૦૧૯ની ચૂંટણી માટે અભિયાનની શરૂઆત તરીકે જોવામાં આવે છે. મમતા બેનર્જીની જોરદાર રીતે ઝાટકણી સમગ્ર કાર્યક્રમ દરમિયાન મોદીએ કાઢી હતી. ભાષણની શરૂઆતમાં મોદીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી પર પ્રહાર કરતા કહ્યું હતું કે રેલીના સ્થળ પર મમતા બેનર્જીના હોર્ડીંગ મુકવામાં આવ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે મમતા વડાપ્રધાનના સ્વાગત માટે પોતે હાથ જોડીને ઉપસ્થિત છે. મોદીએ ઉમેર્યું હતું કે તેઓ મમતા બેનર્જીનો આભાર માને છે કારણ કે તેમના હોર્ડિંગમાં હાથ જોડીને ઉભેલા નજરે પડે છે. કારણ કે મમતા બેનર્જી પોતે હાથ જોડીને ફોટામાં તેમના સ્વાગત માટે દેખાઈ રહ્યા છે. ચારેબાજુ પોતાના હોર્ડીંગ મુકવામાં આવેલા છે. મોદીએ કહ્યું હતું કે ખેડૂતોના હિતમાં સમર્થન મૂલ્ય વધારવા માટેનો જે નિર્ણય તેમની સરકાર દ્વારા કરવામાં આવ્યો છે તેના કારણે મમતા બેનર્જી પણ હેરાન છે. તેમના નિર્ણયના કારણે તૃણમૂલ કોંગ્રેસને પણ તેમના સ્વાગત માટે ધ્વજ લગાવવાની ફરજ પડી છે. મોદીએ ઉમેર્યું હતું કે પશ્ચિમ બંગાળ સરકાર એક સિન્ડીકેટ તરીકે છે. પશ્ચિમ બંગાળની સરકારની કામગીરી અમે સંપૂર્ણપણે જાણીએ છીએ. ખેડૂતોને લાભ નથી. ગરીબોનો વિકાસ થયો નથી. યુવાનોને તકો મળી રહી નથી. માં, માટી અને માનૂસની વાત કરનારની પાછળ રહેલા આઠ વર્ષના અસલી ચહેરાને લોકો જાણી ચુક્યા છે. બંગાળના લોકો હવે તકની રાહ જોઈ રહ્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે બંગાળમાં હવે પૂજા કરવાની બાબત મુશ્કેલ બની ગઈ છે. રાજ્યમાં લોકશાહી રક્તરંજિત છે. ડાબેરી સરકારથી મુક્તિ આના માટે મેળવવામાં આવી ન હતી. વોટબેંકની રાજનીતિ, એકબીજાને ખુશ કરવાની નીતિના કારણે બંગાળમાં સિન્ડીકેટની સરકાર છે. અહીં પૈસા આપ્યા વગર કોઈ કામ થતા નથી. કોલેજમાં એડમિશન માટે પણ પૈસા ચૂકવવા પડે છે. બંગાળમાં આજે લેફ્ટ કરતા પણ ખતરનાક અને ખરાબ સ્થિતિ છે. બંગાળમાં પંચાયતી ચૂંટણી પણ આતંક અને હિંસા વચ્ચે યોજાઈ હતી. મોદીએ ઉમેર્યું હતું કે જે ધરતીથી વંદેમાતરમ્, જનગણમનની ધૂન ગુંજી ઉઠી હતી તેજ ધરતીથી આ સિન્ડિકેટ પોતાની વોટબેંક અને તુષ્ટીકરણની રાજનીતિ કરી રહ્યા છે. અમારા દલિત કાર્યકરોની હત્યા કરવામાં આવી છે. બંગાળ સરકાર પર પ્રહાર કરતા મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે દરેક અત્યાચારનો અંત આવે છે. લોકશાહીમાં વિશ્વાસ નહીં હોવાની સ્થિતિમાં હિંસા ફેલાવવામાં આવી રહી છે. બંગાળના લોકો પણ હવે યોગ્ય તકમાં છે. બંગાળમાં ઉપસ્થિત લોકોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે વિભાજીત નહીં બલ્કે સંગઠિત થઈને વિચારવાની જરૂર છે. પડોશી ત્રિપુરામાં લોકો કમાલ કરી ચુક્યા છે. જો સાહસ છે, સંકલ્પ છે તો સિન્ડીકેટ પણ હલી શકે છે. ભારે વરસાદની સ્થિતિ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે દેશ આજે પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. એક સંકલ્પ સ્વતંત્રતાના ગાળા વેળા લેવામાં આવ્યો હતો. આજે સવા સો કરોડ ભારતીય લોકો ન્યુ ઈન્ડિયાના સંકલ્પને લઈને આગળ વધી રહ્યા છે. સમાજમાં દરેક વર્ગ, ગરીબ, કિસાન, મહિલાઓ અને દલિત દેશને આગળ લઈ જવા માટે તેની પ્રગતિ માટે જોડાઈ રહ્યા છે. ભાજપ સરકાર છેલ્લી વ્યક્તિ સુધી દરેક લાભ પહોંચે તેમ વિચારે છે. હાલમાં જ ખેડૂતોના એમએસપીની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. આ મામલે અનેક કમિટીઓ બની હતી પરંતુ ફાઈલો અટવાઈ પડતી હતી.

### એલઆઈસી બોર્ડ દ્વારા મંજુરી આપવામાં આવી

## આઈડીબીઆઈ બેંક હિસ્સો ખરીદવા માટે બોર્ડની મંજુરી

### એલઆઈસીનો આઈડીબીઆઈમાં હાલ ૮ ટકા હિસ્સો

**(એજન્સી) નવી દિલ્હી,**

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) બોર્ડે સરકારી આઈડીબીઆઈ બેંકમાં ૫૧ ટકા હિસ્સેદારીને હાંસલ કરવાને લીલીઝંડી આપી દીધી છે. આર્થઇક બાબતોના સેક્રેટરી સુભાષચંદ્ર ગર્ગ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે વધારાની હિસ્સેદારી ખરીદવાની પ્રક્રિયા પ્રેફરન્સ શેર મારફતે આગળ વધારવામાં આવશે. એલઆઈસી બોર્ડમાં રહેલા ગર્ગે કહ્યું હતું કે પ્રાથમિક પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી છે. હવે એલઆઈસી માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ રજુઆત કરશે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર ઈરડા દ્વારા પહેલાથી જ હિસ્સેદારી ખરીદવા માટે એલઆઈસીને મંજુરી આપી દીધી છે. ગર્ગે કહ્યું હતું કે જો જરૂર પડશે તો એલઆઈસી દ્વારા ઓપન ઓફર કરવામાં આવશે. જૂનના અંત સુધીમાં એલઆઈસીની આઈડીબીઆઈ બેંકમાં હિસ્સેદારી ૮ ટકા રહી હતી. જ્યારે સરકારની હિસ્સેદારી ૮૬ ટકા રહી છે. એલઆઈસી દ્વારા આ હિસ્સેદારીને ૧૦૦-૧૩૦ અબજ રૂપિયાની મૂડી સાથે ખરીદવામાં આવનાર છે. એલઆઈસી દ્વારા આઈડીબીઆઈ બેંકમાં મોટી હિસ્સેદારી હાંસલ કરીને બેન્કીંગ ક્ષેત્રમાં એન્ટ્રી કરવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. બેન્ક દ્વારા ૨૨ કરોડ પોલિસી ધારકોના ખાતા અંગે માહિતી મેળવવા આવશે સાથે સાથે ફંડ પ્રવાહ પણ મેળવશે. એક વખતે સોદાબાજી થઈગયા બાદ આઈડીબીઆઈ બેંકને પણ ફાયદો થશે. તેને ફરી બેઠી થવા માટે મદદ મળી શકશે. હાલમાં ૨૨ કરોડથી વધુ પોલિસી ધારકોમાં આ ખરીદારને લઈને ચિંતા પણ પ્રવર્તી રહી છે. એલઆઈસીના જંગી ફંડ મળવાની સ્થિતિમાં સામાન્ય લોકોના પૈસાનો ઉપયોગ આ બેંકમાં હિસ્સેદારી ખરીદવા માટે કરવામાં આવશે.

## હવે અજેન્દ્રપ્રસાદને પદભ્રષ્ટ કરી દેવાના નિર્ણયને બહાલી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ મંદિરના ગાદીપતિ માટે છેલ્લાં ઘણાં વર્ષોથી ચાલી રહેલા વિવાદમાં આજે નડિયાદની કોર્ટે ખૂબ જ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો અને સંસત્ગ મહાસભાએ મંદિરના ગાદીપતિ તરીકે અજેન્દ્રપ્રસાદને પદભ્રષ્ટ કરવાના સત્સંગ મહાસભાના નિર્ણયને બહાલી આપી હતી, જયારે મંદિરના ગાદીપતિ તરીકે રાકેશપ્રસાદની નિમણૂકને યોગ્ય ઠેરવી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રતિષ્ઠાના જંગ સમાન એવા આ કેસની વિગતો એવી છે કે, વડતાલ સ્વામિનારાયણ ગાદીના આચાર્ય તરીકે અજેન્દ્રપ્રસાદ હતા, પરંતુ સાધુ સંતો માનતા હતા કે ગાદીપતિ તરીકે બેસનાર આચાર્ય નહી પણ સાધુ સંતોની મહાસભા જ સર્વોપરી છે. વડતાલ મંદિરના ગાદીના પૂર્વ આચાર્ય અજેન્દ્રપ્રસાદે સંપ્રદાયના નિયમ વિરુદ્ધ જઇને વઢવાણ ખાતે ત્રીજી ગાદી સ્થાપીને શ્રીજી મહારાજના આદેશો અને પવિત્ર શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કર્યું હતું. ઉપરાંત બ્રહ્મચારી અને સાધુને દીક્ષા ન આપવી, ગૃહસ્થ હરિભક્તોને ગુરુમંત્ર ન આપવો, નૂતન મંદિરમાં ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કે પુનઃપ્રતિષ્ઠા ન કરવી, હરિભક્તોના ત્યાં પધરામણી ન કરવી, ભેટ મંદિરમાં જમા ના કરાવવી અને તે પોતાના અંગત ફાયદા માટે ઉપયોગમાં લેવા જેવા અનેક મુદ્દાઓને લઇને વિવાદમાં આવ્યા હતા. જેને લઈને ૩૧ જાન્યુઆરી ૨૦૦૩ના રોજ સાળંગપુર ખાતે સંતો અને હરિભક્તોની એક મહાસભા મળી હતી અને સર્વાનુમતે ઠરાવ પસાર કરીને અજેન્દ્રપ્રસાદને ગાદીપતિ તરીકે પદભ્રષ્ટ કર્યા હતા અને રાકેશપ્રસાદને ગાદીપતિ તરીકે બેસાડ્યા હતા. અજેન્દ્રપ્રસાદે સત્સંગ મહાસભાના તેમને પદભ્રષ્ટ કરવાના નિર્ણયને નડિયાદ કોર્ટમાં પડકાર્યો હતો. જો કે, નડિયાદ કોર્ટે ખૂબ જ મહત્વના ચુકાદા મારફતે તેમની અરજી ગ્રાહ્ય રાખી ન હતી અને તેમના પદભ્રષ્ટ કરતા નિર્ણયને બહાલી આપી હતી. ઉપરાંત અજેન્દ્રપ્રસાદને તમામ પ્રકારનાં પદો પરથી દૂર કર્યા હતા. આ કેસના ચુકાદાને લઇ આજે વહેલી સવારથીજ સ્વામિનારાયણ સંપ્રદાયના સમર્થકો તેમજ સત્સંગીઓ કોર્ટ સંકુલમાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે ખેડા જિલ્લા પોલીસે મંદિર તેમજ કોર્ટમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. વડતાલ સ્વામિનારાયણ મંદિરની ગાદીપતિ બનવા માટે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આજે બંને પક્ષોની લાંબી દલીલો સાંભળ્યા બાદ નડિયાદના ત્રીજા સિનિયર સિવિલ અને એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.જી.શાહ તેમનો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. જો કે, આ ચુકાદાથી નારાજ અજેન્દ્રપ્રસાદ દ્વારા ઉપલી અદાલતમાં પડકાર ફેંકાય તેવી પૂરી શકયતા છે. પરંતુ હાલ તો રાકેશપ્રસાદ જૂથના અનુયાયીઓ અને સમર્થકો ખુશી અને ગેલમાં છે. આજે આવેલા તેમની તરફેણના નડિયાદ કોર્ટના ચુકાદાને લઇ સમર્થકોએ નડિયાદ કોર્ટની બહાર ફટાકડા ફોડી કાનૂની વિજયને વધાવ્યો હતો.

## ફુટબોલ વિશ્વ કપ : ફિફા દ્વારા નાણાંનો જોરદાર વરસાદ થયો

**(એજન્સી) મોકો,**

ફીફા વર્લ્ડ કપમાં રૂપિયાનો વરસાદ કરવામાં આવ્યો છે. ફીફાએ રૂપિયાનો વરસાદ કરીને તમામને ચોંકાવી દીધા છે. આ વખતે વિજેતા બનેલી ફ્રાન્સની ટીમને ૩૮ મિલિયન ડોલર અથવા તો ૨૬૦ કરોડ રૂપિયા મળી ગયા છે. જ્યારે રનર્સ અપ રહેલી ક્રોએશિયાની ટીમને ૨૮ મિલિયન ડોલર અથવા તો ૧૯૧ કરોડ રૂપિયા મળી ગયા છે. જ્યારે બેલ્જિયમની ટીમને ત્રીજા સ્થાન પર રહેવા બદલ ૨૪ મિલિયન ડોલર અથવા તો ૧૬૪ કરોડ રૂપિયાની જંગી રકમ મળી ગઇ છે. ઇંગ્લેન્ડની ટીમ ચોથા સ્થાને રહી હતી. જેના કારણે તેને ૧૫૦ કરોડ રૂપિયા મળી ગયા છે. ક્વાર્ટર ફાઇનલ સુધી પહોંચીને હારી જનાર ટીમોને ૧૬ મિલિયન ડોલર અથવા તો ૧૦૯ કરોડ રૂપિયા મળ્યા છે. જેમાં ઉરુગ્વે, સ્વીડન, રશિયા અને બ્રાઝિલનો સમાવેશ થાય છે. આવી જ રીતે રાઉન્ડ ૧૬માં પ્રવેશ કરનાર ટીમોને ૮૨ કરોડ રૂપિયા મળ્યા છે. જે ટીમોને ૮૨ કરોડ રૂપિયાની રકમ મળી છે તેમાં આર્જેન્ટિના, પોર્ટુગલ, ડેનમાર્ક, મેક્સિકો, જાપાન, સ્વીડ્જર્લેન્ડ, કોલંબિયા અને સ્પેનનો સમાવેશ થાય છે. ફીફા દ્વારા કુલ ૨૭૦૦ કરોડ રૂપિયાનો વરસાદ કરવામાં આવ્યો છે. આ વખતે ફીફા વર્લ્ડ કપમાં શરૂઆતથી આશ્ચર્યજનક પરિણામ જોવા મળ્યા હતા. વર્લ્ડકપમાં આ વખતે મોટા અપસેટ શરૂઆતના રાઉન્ડમાં જ જોવા મળી રહી હતી. વર્તમાન ચેમ્પિયન જર્મની પ્રથમ રાઉન્ડમાં બહાર થઇ ગયા બાદ રાઉન્ડ ૧૬માસ્પેન, આર્જેન્ટિના અને પોર્ટુગલ જેવી ટીમો બહાર થઇ ગઇ હતી. ડેનમાર્ક પણ હારીને બહાર થઈ જતા વધુ એક મોટો અપસેટ સર્જાયો હતો. રશિયામાં આયોજિત ફિકા વર્લ્ડ કપમાં પ્રથમ વખત વિડિયો રેફરીની ગોઠવણી કરવામાં આવી હતી. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### એનડીઆરએફની ૧૫ ટીમો સક્રિય : રૂપાણી

# સાત જિલ્લામાં પુરની સ્થિતિ સર્જાઇ : રૂપાણીની પણ નજર

### ઉચ્ચ અધિકારી સાથે રૂપાણીની ચર્ચા : હવાઈ સર્વેક્ષણની જરૂર હોવાનો ઈનકાર : રાજ્યના ૮૨ તાલુકામાં વરસાદ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સાત જિલ્લામાં પુરની સ્થિતિ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં સરકાર હવે સક્રિય થઈ ગઈ છે. આજે મુખ્યમંત્રીએ રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતેથી ભારે વરસાદની સ્થિતિ અંગે અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. સ્થિતિની સમીક્ષા કરી હતી. આ સમીક્ષા દરમ્યાન રૂપાણીએ કહ્યું હતું કે સાત જિલ્લામાં પુરની સ્થિતિ છે પરંતુ હાલમાં હવાઈ સર્વેક્ષણની જરૂર દેખાઈ રહી નથી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે પુરના પાણી ઉતરી રહ્યા છે. સ્થિતિ ધીમે ધીમે સામાન્ય બની રહી છે. જે જિલ્લાઓમાં વધુ વરસાદ થયો છે ત્યાં તંત્ર સક્રિય છે. એરફોર્સને સ્ટેન્ડ ટુના આદેશ આપવામાં આવ્યા છે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસના કાર્યક્રમ અંગે પૂછવામાં આવતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે તેમનો કાર્યક્રમ અકબંધ રહ્યો છે. રાજયમાં એનડીઆરએફની ૧૫ ટીમો સક્રિય થઈ છે અને વધુ પાંચ ટીમો પહોંચી રહી છે. રાજય અને જિલ્લા કક્ષાએ ૨૪ કલાક માટે કંટ્રોલ રૂમ સક્રિય છે. ગીરગઢડામાં એનડીઆરએફની ટીમને મોકલી દેવાઈ છે. સાત જિલ્લાના ૨૦ તાલુકામાં પુરની સ્થિતિના સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે. અમરેલી જિલ્લામાં ૩૫ મુસાફરો ભરેલી બસ પાણીમાં ફસાઈ ગયા બાદ તમામને બચાવી લેવામાં આવ્યા છે. વલસાડની ઓરંગા નદીમાં પુરની સ્થિતિ સર્જાઈ છે. ઉનામાં ૧૪ ઈંચ અને ગીરગઢડામાં ૧૫ ઈંચથી વધુ વરસાદ થયો છે. ગીર જુનાગઢમાં અનેક જગ્યાએ રેલવે ટ્રેકનું ધોવાણ થયું છે. દરમિયાન, રાજયના ૮૨ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં નવસારી જિલ્લાના ગણદેવીમાં સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. સુરત જિલ્લાના કામરેજમાં પણ સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. છેલ્લા ચોવીસ કલાકમાં ભાવનગર જિલ્લાના જેસર તાલુકામાં નવ ઈંચથી વધુ વરસાદ થયો છે. કુલ આઠ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. જયારે ત્રણ તાલુકામાં ૬ ઈંચથી વધુ વરસાદ થયો છે. ચોવીસ કલાકમાં ઓલપાડ તાલુકામાં ૬ ઈંચથી વધુ, કપરાડામાં ૬ ઈંચથી વધુ વરસાદ થયો છે. ચીખલીમાં પાંચ, સુરત શહેરમાં પાંચ ઈંચ વરસાદ થયો છે. ૧૭ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જયારે ૩૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. રાજયમાં તમામ જગ્યાએ સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ખુદ સીએમ વિજય રૂપાણી અને મહેસૂલ મંત્રી કૌશીક પટેલ સમગ્ર સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. પીએમ મોદી પણ ૨૦મી તારીખે ગુજરાત આવી રહ્યા છે, ત્યારે તેમના કાર્યક્રમમાં વરસાદને લીધે કોઈ ફેરફાર કરવાનો છે કે કેમ તે અંગે પણ સરકાર ટૂંકમાં નિર્ણય લઈ શકે છે.

મહિલા અનામત બિલ મુદ્દે ટેકો આપવાની ખાતરી

# મહિલા અનામત મુદ્દે મોદીને હવે રાહુલે લખેલો ખાસ પત્ર

## કેન્દ્ર સરકારના ત્રિપલ તલાક બિલના જવાબમાં કોંગીએ રણનીતિ હેઠળ મહિલા અનામત બિલનો મુદ્દો ફરી ઉઠાવ્યો

**(એજન્સી) નવી દિલ્હી,**
કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સંસદના મોનસૂન સત્રમાં મહિલા અનામત બિલ લાવવા માટે માંગ કરી છે. રાહુલે પોતાના પત્રમાં કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી સંસદમાં આ બિલનું સમર્થન કરશે. રાહુલના આ પત્રને ભાજપના ત્રિપલ તલાક બિલના જવાબમાં જોવામાં આવે છે. હકીકતમાં ભાજપ પણ ત્રિપલ તલાક પર આ સત્રમાં જ બિલ લાવવા માટે ઈચ્છુક છે. જેથી વિપક્ષી પાર્ટીઓનો સહકાર માંગવામાં આવી રહ્યો છે. સંસદનું મોનસૂન સત્ર ૧૮મી જુલાઈથી શરૂ થશે અને ૧૦મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સંસદ અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળે તેવી અમારી ઈચ્છા છે. યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીએ પણ થોડાક સમય પહેલા કેન્દ્ર સરકારને પત્ર લખીને આ અંગે વાત કરી હતી. મહિલા અનામત બિલ છેલ્લા ઘણા સમયથી અટવાયેલું છે. ૧૯૯૬માં તત્કાલિન વડાપ્રધાન એચડી દેવગૌડાની અવધિમાં આ બિલને સંસદમાં રજુ કરવામાં આવ્યું હતું. ૨૦૧૦માં રાજ્યસભામાં પાસ થયા બાદ આ બિલ લોકસભામાં પાસ થઈ શક્યું ન હતું. વર્ષ ૧૯૯૩માં બંધારણમાં ૭૩ અને ૭૪માં સુધારા મારફતે પંચાયત અને નગર નિગમની ચૂંટણીમાં એક તૃતિયાંશ સીટોને સીટોને મહિલાઓ માટે રાખવાની વાત કરવામાં આવી હતી. મહિલા અનામતને મંજુરી આપવા માટે બંધારણમાં સુધારાની જરૂર છે. જુદા જુદા રાજકીય પક્ષો મહિલા અનામતમાં જુદા જુદા સમુદાયની મહિલાઓ માટે અનામતની માંગ કરી રહ્યા છે. ગયા વર્ષે નવરાત્રિ પહેલા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ મહિલા સશક્તિકરણની વાત કરીને વડાપ્રધાન સમક્ષ લોકસભામાં મહિલા અનામત બિલને વહેલીતકે પાસ કરાવવા માટે અપીલ કરી હતી. સોનિયા ગાંધીએ લખ્યું હતું કે લોકસભામાં ભાજપની પાસે બહુમતી છે. આવી સ્થિતિમાં વહેલીતકે મહિલા અનામત બિલને પાસ કરવાના પ્રયાસ કરવા જોઈએ. આ બિલ માર્ચ ૨૦૧૦માં રાજ્યસભામાં પાસ થઈ ચુક્યું છે. હવે લોકસભાની મંજુરી મેળવવાની જરૂર છે. જેથી લોકસભામાં આને રજુ કરવા માટે રજુઆત કરવામાં આવી ચુકી છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે રાજીવ ગાંધીએ પણ બંધારણીય સુધારા મારફતે મહિલા અનામત માટે પ્રથમ વખત જોગવાઈ કરી હતી. બીજી બાજુ મોદી સરકાર ત્રિપલ તલાક સહિત અનેક અટવાયેલા બિલને પસાર કરવા માટે ઉત્સુક છે. આના માટે વિરોધ પક્ષોના સમર્થનની માંગ કરવામાં આવી ચુકી છે. ત્રિપલ તલાક, પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જા, બળાત્કારના અપરાધીઓને કઠોર સજા સહિત અનેક મહત્વપૂર્ણ બિલને પસાર કરવા માટે સહકારની માંગ કરવામાં આવી રહી છે.

દર્શન કરનારાઓની સંખ્યા ૧૮૭૩૦૦ સુધી પહોંચી

# અમરનાથ દર્શન માટે ૪૧૯૫ લોકો રવાના : સઘન સલામતી

**(એજન્સી) શ્રીનગર,**
અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે ચાલી રહી છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમાં અમરનાથના દર્શન માટે આજે સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૪૧૯૫ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઇ હતી. ખીણ માટે ૨૪૫૫ અને ૧૭૪૦ શ્રદ્ધાળુઓની બે બેચ ભગવતી નગર યાત્રી નિવાસથી રવાના થઇ હતી. ૨૪૫૫ યાત્રી બલતાલ માટે રવાના થઇ હતી. જયારે ૧૭૪૦ શ્રદ્ધાળુઓની ટુકડી પહલગામ માટે રવાના થઇ હતી. અમરનાથ યાત્રામાં હજુ સુધી દર્શન કરનાર લોકોની સંખ્યા ૧૮૭૩૦૦ સુધી પહોંચી ગઇ છે. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. તમામ ખરાબ સંજોગો હોવા છતાં ભારે ઉત્સાહ છે.૨૮મી જૂનના દિવસે અમરનાથ યાત્રાની શરૂઆત થઇ હતી. ત્યારબાદથી સતત વરસાદ થવાના કારણે યાત્રામાં વારંવાર અડચણો આવી રહી છે. ૩૦મી જૂનના દિવસે દિવસ દરમિયાન યાત્રાને રોકવામાં આવી હતી. બે મહિના સુધી ચાલનાર આ યાત્રામાં બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે. આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે નવો જથ્થો રવાના કરવામાં આવ્યો હતો. અમરનાથ યાત્રામાં હજુ સુધી ૧.૮૭ લાખ શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરવામાં આવ્યા છે. બીજી બાજુ હજુ પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે. બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પમાં પહેલાથી જ રહેલા શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાબાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. આ વખતે આતંકવાદી હુમલાની દહેશતને ધ્યાનમાં લઇને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. નુનવાન બેઝકેમ્પ માટે ૧૪૮૦ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. ૩૬ કિલોમીટરના પહેલગામ ટ્રેક ઉપર આ શ્રદ્ધાળુઓ રવાના થયા છે જ્યારે બીજા ૧૪૪૨ શ્રદ્ધાળુઓ ૧૨ કિલોમીટરના ટુંકા બાલતાલ રુટ ઉપર રવાના થયા છે. હાલમાં ભારે વરસાદ, ખરાબ હવામાન અને પ્રતિકુળ સંજોગોના કારણે અમરનાથ યાત્રાને વારંવાર મોકૂફ રાખવામાં આવી હતી પરંતુ શ્રદ્ધાળુઓનો ઉત્સાહ અભૂતપૂર્વ છે. અમરનાથ યાત્રા દરમિયાન જુદી જુદી ઘટનાઓમાં હજુ સુધી ૧૩ના મોત થઇ ચુક્યા છે. અમરનાથ યાત્રામાં અનેક પ્રકારની અડચનો આવી રહી છે છતાં શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખો શ્રદ્ધાળુઓ પહેલાથી દર્શન કરી ચુક્યા છે અને હજુ લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ઉત્સુક બનેલા છે. જુદા જુદા કાફલામાં શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે.

શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે : ઉત્સાહ અકબંધ



### ઉત્સાહની સાથે સાથે....

- અમરનાથ યાત્રા જોરદાર રીતે જારી
- અમરનાથ યાત્રામાં હજુ સુધી ૧૮૭૩૦૦ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે
- અમરનાથમાં દર્શન કરવા માટે બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે
- આજે વહેલી પરોઢે ૪૧૯૫ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના કરવામાં આવી
- પહેલગામ અને બલતાલ રૂટ માટે શ્રદ્ધાળુઓની ટુકડી રવાના કરવામાં આવી
- શ્રદ્ધાળુઓની બંને ટુકડીમાં મહિલાઓ અને સાધુ-સંતો પણ સામેલ
- અમરનાથમાં પ્રતિકુળ સંજોગો હોવા છતાં શ્રદ્ધાળુઓને ઉત્સાહ અકબંધ રહ્યો છે
- અમરનાથમાં કોઈપણ બનાવ ન બને તે માટે આ વખતે વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પોતે આ વખતે અમરનાથયાત્રામાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. જેથી શ્રદ્ધાળુઓમાં પણ અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે
- અમરનાથ યાત્રા રક્ષાબંધન સુધી ચાલનાર છે
- અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી અનેક વખત બંધ રખાઈ છે

# ઉંચાપત કેસ : ફારૂક અબ્દુલ્લા સામે આખરે ચાર્જશીટ દાખલ

**(એજન્સી) નવી દિલ્હી,**
બોગસ બેન્ક ખાતાઓ ખોલીને જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના ફંડની ઉંચાપત કરવા બદલ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા અને અન્ય ત્રણ સામે આજે સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ફારૂક અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે હતા તે વખતે આ ગેરરીતિઓ અને નાણાની ઉંચાપતની બાબત સપાટી પર આવી હતી. ૨૦૦૧ અને ૨૦૧૧ વચ્ચે રાજય ક્રિકેટ બોડીમાં ગેરરીતિઓ સપાટી પર આવી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે એસોશિએશનના ફંડમાંથી જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારો દ્વારા ૧૧૩ કરોડ રૂપિયાની ઉંચાપત કરવામાં આવી હતી. ચાર્જશીટમાં જે લોકોના નામનો ઉલ્લેખ કરાયો છે તેમાં ફારૂક અબ્દુલ્લા ઉપરાંત જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના જનરલ સેક્રેટરી સલીમ ખાન, ખજાનચી મોહંમદ અહેશાન મિરઝા અને જમ્મુ-કાશ્મીર બેંકના કારોબારી બશીર અહેમદનો સમાવેશ થાય છે. આ મામલામાં સૌથી પહેલા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે રામ મુનશીબાગ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરી હતી. સપ્ટેમ્બર ૨૦૧૫માં સીબીઆઈએ એફઆઈઆર દાખલ કર્યા બાદ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું હતું કે તેમને ખુશી છે કે તપાસ આખરે શરૂ થઈ ચુકી છે. તપાસ ઝડપથી પૂર્ણ થશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી. ફારૂક અબ્દુલ્લાની મુશ્કેલીઓમાં હવે દિન પ્રતિ દિન વધારો થઈ રહ્યો છે.

આ કેસમાં તેમને કાયદાકીય ગૂંચનો સામનો કરવો પડી શકે છે. ૧૧૪ કરોડ રૂપિયાની ઉંચાપતનો આ મામલો જમ્મુ-કાશ્મીરમાં રાજનીતિ ક્ષેત્ર પણ ઉતાર ચઢાવની સ્થિતિ સર્જી શકે છે. સીબીઆઈ દ્વારા એવા સમયમાં ચાર્જશીટ દાખલ કરી છે જ્યારે લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી. ક્ષેત્રીય પક્ષો દ્વારા વારંવાર તપાસ સંસ્થાઓના દુરૂપયોગનો આક્ષેપ કરાયો છે.

# આઈપીઓથી ૨૩૬૭૦ કરોડ રૂપિયા ઉભા કરાયા

**(એજન્સી) નવીદિલ્હી,**
આ વર્ષે જાન્યુઆરીથી જૂનના ગાળા દરમિયાન સંબંધિત આઈપીઓ મારફતે ૧૮ કંપનીઓ દ્વારા ૨૩૬૭૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવી ચુક્યા છે જે વર્ષ ૨૦૧૭ના પ્રથમ છ મહિનાના ગાળામાં ૧૩ કંપનીઓ દ્વારા ઉભા કરવામાં આવેલી ૧૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ છે. આગામી દિવસોમાં કારોબારીઓ આઈપીઓમાં સક્રિયરીતે રસ લે તેવી શક્યતા છે. કારણ કે તમામ મોટા આઈપીઓ છે. રિયાલીટીની મહાકાય કંપની લોધા ડેલવપર્સના ઇશ્યુ પર નજર કેન્દ્રિત કરવામાં આવી રહી છે. શેરબજાર સાથે જોડાયેલા લોકો ૧૪૦૦૦ કરોડ રૂપિયાના આઈપીઓને લઈને સક્રિય છે.

# બેઠકોની વહેંચણી મુદ્દે એક મહિનામાં નિર્ણય થઈ જશે

## ચારથી પાંચ સપ્તાહમાં જ ચિત્ર બિલકુલ સ્પષ્ટ : નીતિશ

**(એજન્સી) પટણા,**
બિહારમાં વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં બેઠકોની વહેંચણીને લઈને સત્તારૂઢ જેડીયુ અને ભાજપ વચ્ચે ખેંચતાણ યથાવત રીતે જારી રહી છે. આ ગાળા દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારે બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા ચારથી પાંચ સપ્તાહની અંદર કાઢી લેવાનો સંકેત આપ્યો છે. નીતિશકુમારે આજે કહ્યું હતું કે રાજ્યમાં ભાજપ સહિત એનડીએના ઘટક પક્ષોની વચ્ચે બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા ચારથી પાંચ સપ્તાહમાં તૈયાર કરી લેવામાં આવશે. ભાજપ પ્રમુખ અમિત શાહે ૧૨મી જુલાઈના દિવસે નીતિશકુમાર સાથે બેઠક યોજી હતી. આ સંદર્ભમાં પૂછવામાં આવતા નીતિશકુમારે કહ્યું હતું કે અનેક મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા થઈ હતી. આ ગાળા દરમિયાન બિહાર સાથે જોડાયેલા મુદ્દાઓ ઉપર પણ ચર્ચા થઈ હતી. નીતિશે કહ્યું હતું કે જ્યાં સુધી લોકસભા ચૂંટણીને લઈને પ્રશ્ન છે તે સંદર્ભમાં ટૂંક સમયમાં જ પ્રસ્તાવ રજુ કરી દેવામાં આવશે.

પ્રસ્તાવ એક મહિનાની અંદર જ તૈયાર કરી લેવામાં આવશે. બિહારમાં એનડીએમાં સામેલ પક્ષોમાં જેડીયુ અને ભાજપ ઉપરાંત કેન્દ્રિય મંત્રી રામવિલાસ પાસવાનની પાર્ટી એલજેપી અને ઉપેન્દ્ર કુશવાહની પાર્ટી આરએલએસપી પણ છે. બિહારમાં કુલ લોકસભાની ૪૦ સીટો છે. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપ, એલજેપી અને આરએલએસપી એકસાથે હતા. જેમાં ભાજપને ૨૨ સીટો પર અને એલજેપીને છ સીટો પર જીત મળી હતી. આરએલએસપીને ત્રણ સીટો મળી હતી. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં જેડીયુને માત્ર બે સીટો મળી હતી. આ ચૂંટણીમાં કારમી હાર મળ્યા બાદ જેડીયુ મહાગઠબંધનમાં સામેલ થઈને આરજેડી અને કોંગ્રેસ સાથે થઈ જતા મહાગઠબંધનની રચના કરવામાં આવી હતી. ૨૦૧૫માં મહાગઠબંધનની રચના કરાયા બાદ ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભારે સફળતા મળી હતી. જેડીયુ અધ્યક્ષ નીતિશકુમારે આજે ફરી એકવાર બિહાર માટે ખાસ રાજ્યના દરજ્જાની માંગ કરી હતી.

## નવભારત ટેલીવૂડ હંગામા

તા.૧૮-૭-૨૦૧૮ બુધવાર

| સમય | ઝી ટીવી | સ્ટાર પ્લસ | સોની ટીવી | ઝી સિનેમા | કલર્સ | સેટ મેક્સ | સ્ટાર ગોલ્ડ | સ્ટાર મૂવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૬.૦૦ | ટેલિશોપિંગ | કુલ્ફી કુમાર બાજેવાલા | ટેલિશોપિંગ | ॥ | ઉડાન | ॥ | ગોલીમાર | ॥ |
| ૦૬.૩૦ | ॥ | ઈશ્કબાઝ | ॥ | ટેલિશોપીંગ | ટેલિસ્લોટ | સિંહા-૨ | ॥ | ॥ |
| ૦૭.૦૦ | પિયા અલબેલા | મેરિયમ ખાન રિપોર્ટિંગ | ॥ | ॥ | સાવિત્રી દેવી | ॥ | ॥ | નાઈટ એટ દ મ્યુઝિયમ |
| ૦૭.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ટેલિસ્લોટ | ॥ | ॥ | ॥ |
| ૦૮.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | સંકટ મોચન હનુમાન | કસમ હિન્દુસ્તાન કી | રુપ | ॥ | દે દેના દન | ॥ |
| ૦૮.૩૦ | જીદંગી કી મહેક | યે રિશ્તા ક્યા | કુછ રંગ પ્યાર કે | ॥ | બેપનાહ | ॥ | ॥ | ॥ |
| ૦૯.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ક્રિશ્ના લી લંડન | પેહરેદાર પિયા કી | ॥ | ડાન્સ દિવાને | મેં હૂં રક્ષક | ॥ | આઈસ એજ |
| ૦૯.૩૦ | આપકે ઓ જાને સે | યે હૈ મહોબ્બત... | બેહદ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૧૦.૦૦ | કુમકુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | કપિલ શર્મા શો | ॥ | સિલસિલા બદલતે રિશ્તો કા | ॥ | ॥ | ॥ |
| ૧૦.૩૦ | કુમકુમ ભાગ્ય | ઈશ્કબાઝ | ॥ | ડેરિંગ રખવાલા | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | કુંડલી ભાગ્ય | ઈશ્કબાઝ | ॥ | ॥ | ઉડાન | ॥ | ॥ | કાર્સ-૩ |
| ૧૧.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | સબસે સ્માર્ટ કૌન | પેહરેદાર પિયા કી | ॥ | તુ આશિકી | હાઈપર | પ્રેમ રતન ધન પાયો | ॥ |
| ૧૨.૦૦ | પિયા અલબેલા | ॥ | ક્રાઈમ પેટ્રોલ | ॥ | સિલસિલા | ॥ | ॥ | ॥ |
| ૧૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા | ॥ | એન્ટરટેઈન્મેન્ટ | કસમ | ॥ | ॥ | ॥ |
| ૦૧.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | બેપનાહ | ॥ | ॥ | ફાઈન્ડિંગ નેમો |
| ૦૧.૩૦ | આપકે આ જાને સે | મરિયમ ખાન રિપોર્ટિંગ | ॥ | ॥ | રુપ | ॥ | ॥ | ॥ |
| ૦૨.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ઈશ્ક મેં મરજાંવા | ક્રિશ | ॥ | ॥ |
| ૦૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | ॥ | ॥ | સિલસિલા બદલે રિશ્તો કા | ॥ | ॥ | ॥ |
| ૦૩.૦૦ | કુંડલી ભાગ્ય | કયામત કી રાત | ॥ | ॥ | નાગિન-૩ | ॥ | ઘર હો તો ઐસા | હોમ એલોન-૩ |
| ૦૩.૩૦ | કાલિરેઈન | ॥ | ॥ | લાડલા | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૪.૦૦ | જીદંગી કી મહેક | યે રિશ્તા | ॥ | ॥ | કૌન હૈ | ॥ | ॥ | ॥ |
| ૦૪.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૫.૦૦ | આપકે આ જાને સે | ક્રિશ્ના ચલી લંડન | ॥ | ॥ | શક્તિ | ॥ | ॥ | દ ટ્રાન્સપોર્ટર |
| ૦૫.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૦૬.૦૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | । | ॥ | કસમ | ડેરિંગબાઝ આશીક | જય હો | ॥ |
| ૦૬.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | સબસે સ્માર્ટ કૌન | ॥ | નં. ૧ બિઝનેસમેન | સાવત્રી દેવી | ॥ | ॥ | ॥ |
| ૦૭.૦૦ | વો અપના સા | ॥ | યે મોહ મોહ કે ધાગે | ॥ | તુ આશિકી | ॥ | ॥ | કુંગ ફુ પાન્ડા-૩ |
| ૦૭.૩૦ | કાલિરેઈન | મરિયમ ખાન રિપોર્ટિંગ | પેશ્વા બાજીરાવ | ॥ | ઈશ્ક મેં મરજાંવા | ॥ | ॥ | ॥ |
| ૦૮.૦૦ | જિંદગી કી મહેક | હર શાખ પે ઉલ્લુ બેઠા હૈ | સંકટ મોચન મહાબલી | ॥ | શક્તિ | ॥ | ॥ | ॥ |
| ૦૮.૩૦ | પિયા અલબેલા | કુલ્ફીકુમાર બાજેવાલા | પેહરેદાર પિયા કી | ॥ | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૦૯.૦૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | બેહદ | એક રાસ્તા | રુપ | હાર્ટએટેક-૨ | સિંઘમ રિટર્ન્સ | ડોક્ટર સ્ટ્રેન્જ |
| ૦૯.૩૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા | કુછ રંગ પ્યાર કે | ॥ | બેપનાહ | ॥ | ॥ | ॥ |
| ૧૦.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ઈશ્કબાજ | ક્રાઈમ પેટ્રોલ ૧૦૦ | ॥ | સિલસિલા | ॥ | ॥ | ॥ |
| ૧૦.૩૦ | આપકે આ જાને સે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | દેવ-૨ | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | કુમ કુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | કૌન હૈ | ॥ | ॥ | ॥ |
| ૧૧.૩૦ | કાલિરેઈન | કયામત કી રાત | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | સ્પીડ |
| ૧૨.૦૦ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | આજ કા ગ્રેટ ગેમ્બલર | ॥ | ॥ |

૧૪ દિવસમાં કમળાના ૨૮૦ કેસથી સનસનાટી

# અમદાવાદમાં ઝાડા-ઉલ્ટીના ૧૪ દિનમાં ૪૬૨ કેસો થયા

## સાદા મેલેરીયાના ૧૪ દિવસમાં ૧૨૮ કેસો સપાટી ઉપર

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને રોકવા માટે હવે જુદા જુદા વિસ્તારમાં દવાના છંટકાવની કાર્યવાહી પણ હાથ ધરાઈ છે. વરસાદી માહોલ હોવાના કારણે ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે છતાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો અવિરતપણે સપાટી પર આવી રહ્યા છે. પાણીજન્ય કેસોની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં જુલાઈ મહિનામાં ૧૪ દિવસના ગાળામાં જ ઝાડા-ઉલ્ટીના ૪૬૨, કમળાના ૨૮૦, ટાઈફોઈડના ૨૨૮ અને કોલેરાના ત્રણ કેસ સપાટી પર આવ્યા છે. આવી જ રીતે મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો જુલાઈ મહિનામાં ૧૪ દિવસના ગાળામાં સાદા મેલેરીયાના ૧૨૮, ઝેરી મેલેરીયાના ૩, ડેન્ગ્યુના ૧૧ કેસ નોંધાયા છે. જુલાઈ-૨૦૧૭ દરમિયાન લોહીના લેવામાં આવેલા ૧૦૪૮૬૬ નમૂનાની સામે ૧૪મી જુલાઈ ૨૦૧૮ સુધીમાં ૪૦૭૭૬ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી છે. આવી જ રીતે જુલાઈ ૨૦૧૭ દરમિયાન લેવામાં આવેલા ૨૮૬૧ સિરમ સેમ્પલ સામે જુલાઈ ૨૦૧૮માં હજુ સુધી ૮૫૧ સિરમ સેમ્પલ લેવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળામાં અટકાયતી પગલાંરૂપે પાણીના મુખ્ય સ્ત્રોત અને ઘરોમાંથી ચાલુ માસ દરમ્યાન ૧૭૨૮૭ રેસીડેન્ટલ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. ઉપરાંત હાઈરીસ્ક વિસ્તારો અને કેસો નોંધાયા હોય તેવા વિસ્તારમાંથી ચાલુ માસ દરમિયાન ૧૯૬૧ પાણીના સેમ્પલ બેક્ટીરીયોલોજીકલ ટેસ્ટ માટે લેવામાં આવ્યા છે. આ માસ દરમ્યાન ૪૪૯૦૫૦ ક્લોરિન ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ચાલુ માસ દરમિયાન ૮૭ અલગ અલગ ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા છે. જે હેઠળ ૫૦૬૨ કિલોગ્રામ અખાદ્ય પદાર્થોનો જથ્થો નાશ કરવામાં આવ્યો છે. ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા પણ અલગ અલગ ખાદ્ય પદાર્થોના નમૂના લઈને તપાસ કરવામાં આવી ચુકી છે. જુલાઈ ૨૦૧૮ સુધીમાં ૮૭ જુદા જુદા ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા છે. તમામ નમૂનામાં તપાસ બાકી છે.



### દેશના મોટાભાગના લોકોને આવરી લેવા તૈયારી

# ૧૦ કરોડ લોકોને સોશિયલ સિક્યુરિટી આપવાની તૈયારી

## કૃષિ ક્ષેત્ર સહિત જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરી રહેલા લોકો માટે યુનિવર્સલ સોશિયલ સિક્યુરિટી સ્કીમ જાહેર કરાશે

**(એજન્સી) નવી દિલ્હી,**

સરકાર વર્ષ ૨૦૧૯માં ૧૦ કરોડ વર્કર માટે પોતાના ખર્ચ પર સામાજિક સુરક્ષા યોજનાની જાહેરાત કરી શકે છે. ૨૦૧૨માં દેશમાં ૪૭.૫ કરોડ લોકો નોકરી કરી રહ્યા હતા. આ આધાર ઉપર ૨૨ ટકા વર્ક ફોર્સ માટે આગામી વર્ષે સોશિયલ સિક્યુરિટી સ્કીમની જાહેરાત કરવામાં આવી શકે છે. શ્રમ મંત્રાલય દ્વારા કૃષિ ક્ષેત્ર સહિત તમામ ક્ષેત્રમાં કામ કરી રહેલા લોકો માટે યુનિવર્સલ સોશિયલ સિક્યુરિટી સ્કીમ હેઠળ આની જાહેરાત કરી શકે છે. સત્તાવાર સૂત્રોએ કહ્યું છે કે લાભાર્થીઓની સંખ્યા નક્કી કરવાની બાબત ખૂબ મહત્વપૂર્ણ રહેશે. એક અધિકારીએ કહ્યું છે કે આનાથી સ્કીમ માટે કેટલા ફંડની જરૂર રહેશે તે સંદર્ભમાં માહિતી મળી શકશે. જેએનયુ પ્રોફેસર સંતોષ મેહરોત્રા સમિતિએ યુનિવર્સલ સોશિયલ સિક્યુરિટી સ્કીમના સંભવિત લાભાર્થીઓની સંખ્યા નક્કી કરવા માટે ૨૦૧૧ અને ૧૨ની તેંડુલકર સમિતિની ગરીબી રેખાને આધાર તરીકે રજુ કરીને તૈયારીઓ હાથ ધરી છે. પ્રથમ તબક્કામાં તમામ વર્કર્સને સ્કીમ હેઠળ નિવૃત્તિ બાદ પેન્શન, મેડિકલ ઈન્સ્યોરન્સ, ડેથ અને ડિસેબિલિટી લાભ આપવામાં આવશે. તેંડુલકર સમિતીની ૨૦૧૧-૧૨ના અહેવાલ મુજબ ગરીબી રેખા મુજબ ગ્રામીણ ક્ષેત્રોમાં ૨૫.૭ ટકા અને શહેરી ક્ષેત્રોમાં ૧૩.૭ ટકા લોકો આનાથી નીચે છે. સમગ્ર દેશ માટે આ આંકડો ૨૧.૯ ટકાનો હતો. મેહરોત્રા સમિતિ હવે આ સ્કીમ માટે કેટલા ફંડની જરૂર પડશે તેના ઉપર કામ કરશે. શ્રમ મંત્રાલય દ્વારા દેશના ૫૦ કરોડ વર્કરો માટે રિટાયર્ડમેન્ટ, હેલ્થ, ઓલ્ડ એજ, ડિસેબિલિટી, બેરોજગારી, મેટરનિટી લાભ સહિત વ્યાપક સામાજિક સુરક્ષા યોજના માટે પ્રસ્તાવ તૈયાર કર્યો છે. ૫૦ કરોડ લાભાર્થીઓને ચાર હિસ્સામાં વિભાજિત કરવામાં આવશે. પહેલા હિસ્સામાં એવા ગરીબો અને વંચિતોને રાખવામાં આવશે જે પોતાની સુરક્ષા માટે પોતે યોગદાન આપી શકવાની સ્થિતિમાં નથી. આ તમામ માટે ખર્ચ સરકાર ઉપાડશે. બીજી બાજુ અસંગઠિત ક્ષેત્રના જે વર્કર આના માટે યોગદાન આપી શકે છે તેમને સબસીડી સ્કીમ હેઠળ કવર કરવામાં આવશે. ત્રીજા હિસ્સામાં એવા લાભાર્થીઓને રાખવામાં આવશે જે પોતે અથવા તો કંપનીની સાથે મળીને પુરતા પ્રમાણમાં યોગદાન આપી શકે છે. ચોથા અને અંતિમ તબક્કામાં તુલનાત્મક રીતે સમૃદ્ધ લોકોને સામેલ કરવામાં આવશે જે કન્ટેજેન્સી અથવા તો રીસ્ક માટે પોતે યોગદાન આપી શકે છે. આ સ્કીમને ત્રણ તબક્કામાં ૧૦ વર્ષની અવધિ દરમ્યાન લાગુ કરવામાં આવશે. સરકારનું કહેવું છે કે ૧૦ વર્ષના ગાળામાં સ્કીમ હેઠળ તમામ વર્કરોને લાવી શકાશે. આના પ્રથમ તબક્કામાં તમામ વર્કરોને માત્ર હેલ્થ સિક્યુરિટી અને રિટાયર્ડમેન્ટ બેનિફિટ આપવામાં આવશે. બીજા તબક્કામાં બેરોજગારી લાભને જોડવામાં આવશે. ત્રીજા તબક્કામાં બીજી કલ્યાણકારી યોજનાઓને આ સ્કીમ હેઠળ લાવવામાં આવશે.

### કલાકોના ગાળામાં જ ઉનામાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ

# ગુજરાતમાં મેઘતાંડવ જારી : ગીર ગઢડામાં ૧૫ ઈંચથી વધુ વરસાદ

## ગુજરાતમાં જુદા જુદા ભાગોમાં બપોર બાદ વરસાદનું જોર ઘટ્યું હોવા છતાં અભૂતપૂર્વ સ્થિતિ : બચાવ ટીમ સક્રિય થઈ : હજારો લોકોનું સ્થળાંતર કરાયું



**(પ્રતિનિધિ) અમદાવાદ,**

દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રના પંથકોમાં મેઘતાંડવ જારી રહ્યો છે. આજે પણ અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની નદીઓમાં પુરની સ્થિતિ પ્રવર્તી રહી છે. આજે ગીર સોમનાથ જિલ્લામાં ગીરગઢડામાં માત્ર છ કલાકમાં જ ૧૫ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. જ્યારે ઉનાના ગુંદાળા અને ઉમેજ ખાતે ૧૦થી ૧૫ ઈંચ, સુરતના ઓલપાડ સહિતના પંથકોમાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ વચ્ચે તબાહી અને તારાજીની દ્રશ્યો પણ સામે આવ્યા હતા. આજે ટુંકા ગાળામાં જ જાફરાબાદમાં પાંચ ઈંચથી વધુ, મહુવામાં ચાર ઈંચથી વધુ, આણંદમાં ચાર ઈંચથી વધુ, રાજુલામાં ચાર ઈંચથી વધુ, પારડીમાં ચાર ઈંચથી વધુ, ખાંભામાં ચાર ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. બીજી બાજુ ધરમપુરમાં ત્રણ, વાગરામાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો. પાણીમાં ગરકાવ કેટલાય પંથકોમાંથી સેંકડો લોકોના સ્થળાંતર કરાવવાની ફરજ પડી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકની નદીઓમાં પૂરની સ્થિતિ છે. જેને લઇ તંત્રને એકદમ હાઈએલર્ટ પર મૂકી દેવાયું છે. વરસાદી કહેરના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અત્યારસુધી ૨૬થી વધુ લોકોના મોત નોંધાયા છે, જ્યારે ૧૨૫થી વધુ પશુઓના મોત થયા છે. જ્યારે આ ક્ષેત્રના રાજયના પાંચ સ્ટેટ હાઈવે સહિત ૧૩૦થી વધુ રસ્તાઓ બંધ થયા છે. મેઘરાજાના રૌદ્ર રૂપના કારણે આ ક્ષેત્રોમાં અઢી હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાને મેઘરાજાએ બાનમાં લીધા હોય તેમ છેલ્લા છ-સાત દિવસથી રોજ ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જૂનાગઢમાં સીઝનનો ૫૦ ટકા વરસાદ નોંધાઇ ચૂક્યો છે. ત્યારે આજે સોમવારે સવારથી જ ઉના તાલુકામાં અનરાધાર વરસાદ પડી રહ્યો છે. ઉનાના ગુદાળા ગામમાં ૬ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ ખાબકતાં સમગ્ર પંથક બેટમાં ફેરવાયો હતો. ઉનામાં શહેરમાં પણ સવારના પથી ૧૨ વાગ્યા સુધીમાં ૧૪ ઈંચ વરસાદ પડયો હતો. ઉનાના ૩૦થી વધુ ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. ઉનાના ઉમેજ ગામે આજરોજ વહેલી સવારથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ૧૫ ઇંચ વરસાદ નોંધાયો હતો. ગામના નીચાણવાળા વિસ્તારમાંથી સંખ્યાબંધ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વેરાવળ-કોડિનાર નેશનલ હાઈવે પર સોમત નદીનું પાણી ફરી વળતા રસ્તો બ્લોક થયો હતો. ગીરગઢડામાં આભ ફાટ્યું હોય તેમ માત્ર છ કલાકમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર અને પૂરની સ્થિતિ સર્જાઇ હતી. ગીરગઢડાનું કાનકીયા ગામ બેટમાં ફેરવાયું હતું અને ગામમાં કેટલાક મકાન પણ ધરાશયી થયા હતા. ગામમાંથી અનેક પશુઓ તણાયાના સમાચાર સામે આવ્યા છે. જામવાળા ગીરનો શીંગોડા ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવાયા છે. ગીરગઢડાનું હરમડીયા ગામ પાણીમાં ડૂબ્યું છે, ગામમાં ૧૨ ફૂટ સુધી પાણી ભરાયા છે. હરમડીયા ગામમાં પણ બે મકાન ધરાશાયી થયાનું જાણવા મળી રહ્યું છે. તેમજ સિલોજ ગામ પણ બેટમાં ફેરવાતા લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. તો, ભાવનગરના જેસર સહિતના પંથકોમાં પણ અતિ ભારે વરસાદ નોંધાતા જેસર સહિતના ગામો પાણીના બેટમાં ફેરવાયા હતા.

જેસરમાં રસ્તાઓ પર પાણીનો પ્રવાહ એટલો ધસમસતો હતો કે, બે યુવકો બાઈક સાથે તણાયા હતા. આ પંથકોમાંથી સેંકડો લોકોનું સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. ભારે વરસાદના કારણે બગદાણા-તળાજા હાઈવે બંધ કરવાની ફરજ પડી હતી કારણ કે, આ માર્ગને ભારે નુકસાન થયું હતુ, જેને પગલે વાહનવ્યવહાર ખોરવાયો હતો. બગદાણાના ગામોમાં તો વરસાદી પાણી ખેતરોમાં ફરી વળ્યા હતા. અમરેલી જિલ્લામાં પણ જાફરાબાદ, ખાંભા, સાવરકુંડલા, રાજુલા, સેમસીયા, સોખડા સહિતના પંથકોમાં અતિ ભારે વરસાદ નોંધાયો હતો. સોખડા ગામ તો ભારે વરસાદના કારણે જળબંબાકારમાં ગરકાવ બનતાં બેટમાં ફેરવાયું હતું. ભારે વરસાદ અને ઉપવાસમાંથી આવતા પાણીના મોટા પ્રવાહને કારણે ગીરસોમનાથ જિલ્લાના મુખ્ય હિરણ-૨ ડેમના બે દરવાજા અડધા ફૂટ સુધી ખોલવામાં આવતા નીચાણવાળા ગામડાઓને સાવચેત કરાયા હતા. ઉના તાલુકો બેટમાં ફેરવાયો હતો. ગીરગઢડા તાલુકાના હરમડિયા, નવાગામ, જામવાળા, ફાટસર, ઈટવાય, કોદીયા, સનવાવ, ધ્રાબાવડ, કાણકીયા, કારેણી, આંબાવાડ, ફૂલકા, ખિલાવડ બાબરીયા, વેલાકોટ ઝાંઝરીયા, નવા ઉગલા ગામોમાં પાણીમાં ગરકાવ બન્યા છે. ઉનાના વાવરડા ગામમાં ૩૦૦ લોકો પાણીમાં ફસાયા હતા, જેઓને બચાવવાની કામગીરી ચાલી રહી છે. રામનગરના ખારા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. દેલવાડા ગામના તરણેશ્વર મહાદેવને મછુન્દ્રી નદીએ જાણે જળાભિષેક કર્યો હતો. આ જ પ્રકારે રાજકોટ પંથકમાં પણ ગોંડલ, કોટડાસાંગાણી, શાપર વેરાવળ સહિતના પંથકોમાં બેથી ચાર ઇંચ સુધીનો ભારે વરસાદ નોંધાતા ખેતરો, રસ્તાઓ અને નદી-નાળા પાણીથી છલકાયા હતા.

### ઘાયલ થયેલા લોકોને મળવા માટે મોદી પહોંચ્યા

# મોદીની રેલીમાં વરસાદ વચ્ચે ટેન્ટ તૂટ્યો : ૨૨ લોકો ઘાયલ

## ઘાયલ થયેલા લોકોને મળવા મોદી હોસ્પિટલમાં પહોંચ્યા

**(એજન્સી) મિદનાપુર,**

પશ્ચિમ બંગાળના મિદનાપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન ખરાબ હવામાન અને વરસાદ વચ્ચે ટેન્ટ તૂટી પડતા ૨૨ લોકો ઘાયલ થઈ ગયા હતા. ઘાયલ થયેલા તમામ લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રેલી પુરી થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ હોસ્પિટલમાં મળવા માટે પહોંચ્યા હતા. ઈજાગ્રસ્તો અંગે માહિતી મેળવી હતી. એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે રેલીના સ્થળના મુખ્ય પ્રવેશ નજીક ટેન્ટ સ્થાપિત કરવામાં આવ્યા બાદ વરસાદથી બચવા માટે લોકો તેની નીચે એકત્રિત થયા હતા. રેલી દરમ્યાન અનેક ઉત્સાહિત કાર્યકરો ટેન્ટની અંદર એકત્રિત થયા હતા. વડાપ્રધાન મોદી વારંવાર સાવચેતી રાખવા માટે અપીલ કરતા નજરે પડી રહ્યા હતા. મોદી જ્યારે ભાષણ આપી રહ્યા હતા ત્યારે ટેન્ટ ધરાશાયી થતા તેઓએ પણ મદદ માટે કહ્યું હતું. મોદીએ પોતાની પાસે ઉભેલા એસપીજી કર્મીઓને તરત જ લોકોની સારવારમાં જોડાઈ જવા માટે અને ઘાયલોની મદદ કરવા કહ્યું હતું. મોદીએ આજે પશ્ચિમ બંગાળના પ્રવાસે પહોંચ્યા હતા. મોદી રેલી કરી રહ્યા હતા ત્યારે ભારે વરસાદ થઈ રહ્યો હતો.

### વિકાસની લ્હાયમાં આડેધડ વૃક્ષો નિકંદન કરાયું

# અમદાવાદ શહેર : હવે ગ્રીન કવર ૪.૬૬ ટકા રહી ગયું છે

## વર્ષ ૨૦૧૨ના સર્વે મુજબ અમદાવાદ શહેરમાં લીમડાના ૧.૪૩ લાખ વૃક્ષો : ચોમાસા દરમ્યાન વૃક્ષ વાવણી ઝુંબેશ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

મેગાસિટી અમદાવાદ આશરે ૪૬૬ ચો.કિમી વિસ્તારમાં ફેલાયેલું છે. શહેરના ભૌગોલિક વિસ્તારને જોતા ૧૫ ટકા જેટલો વિસ્તાર ગ્રીન કવર હેઠળ હોવો જરૂરી છે પરંતુ બહુ ચોંકાવનારી અને આઘાતજનક હકીકત તો એ છે કે, શહેરમાં માત્ર ૪.૬૬ ટકા ગ્રીન કવર રહ્યું છે. તંત્ર દ્વારા આગામી ચોમાસામાં નવાં ૧.૫૦ લાખ વૃક્ષ વાવવાની ક્વાયત આરંભાઇ હોઇ વર્ષ ૨૦૧૨ના સર્વે મુજબ અમદાવાદમાં લીમડાનાં સૌથી વધુ ૧.૪૩ લાખ વૃક્ષ નોંધાયાં હતા. ચાલુ ચોમાસામાં મ્યુનિસિપલ કોર્પોરેશનનો દોઢ લાખથી વધુ વૃક્ષો વાવવાનો ટાર્ગેટ છે. જો કે, શહેરના ગ્રીન કવરને વધારવા માટે અમ્યુકો સહિત રાજ્ય સરકારના સત્તાવાળાઓએ અસરકારક પગલા લેવા પડશે તેવું પર્યાવરણવાદીઓનું માનવું છે. વિકાસની લ્હાય અને સિમેન્ટ-ક્રોંકીટના જંગલો ઉભા કરવાની હોડમાં અમદાવાદ શહેરમાં અને તેની આસપાસના વિસ્તારોમાં આડેધડ વૃક્ષોનું નિકંદન નીકાળાઇ રહ્યું છે. વૃક્ષ એ જ જીવનની માત્ર વાતો થાય છે પરંતુ વાસ્તવમાં માનવીનું જીવન લીલુછમ્મ બનાવતાં વૃક્ષોનો જ ભોગ લેવાઇ રહ્યો છે. વર્ષ ૨૦૧૨માં મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્યના વનવિભાગ દ્વારા સંયુક્ત ઉપક્રમે ટ્રી-સેન્સસ સર્વે કરાયો હતો. આ સર્વે મુજબ શહેરમાં કુલ ૬,૧૮,૦૪૮ વૃક્ષ નોંધાયાં હતાં. શહેરના વિવિધ વિસ્તારમાં લીમડો, આસોપાલવ, કણજી, પીપળો, વડ, ચંપો, ગુલમોર, દેશી આંબો, બદામ, નીલગીરી, બોરસલી એમ ૩૦થી વધુ જાતનાં વૃક્ષ જોવા મળે છે. આ તમામ વૃક્ષમાં લીમડાના વૃક્ષો સૌથી વધુ એટલે કે, ૧.૪૩ લાખ નોંધાયા હતા. લીમડા બાદ શહેરમાં આસોપાલવનાં ૭૦,૫૫૦ વૃક્ષ, કણજીનાં ૪૧,૫૯૦ વૃક્ષ, ગુલમોરનાં ૪૦,૦૬૪ વૃક્ષ, દેશી બાવળના ૩૯,૫૪૦ વૃક્ષ, પીપળાનાં ૨૦,૧૭૭ વૃક્ષ, પેલ્ટોફોરમનાં ૧૮,૯૮૫ વૃક્ષ, પીપળનાં ૧૩,૧૮૩ વૃક્ષ, સુબાવળનાં ૧૪,૮૮૨ વૃક્ષ, ગરમાળોનાં ૧૬,૭૦૧ વૃક્ષ, વડના ૯,૮૭૦ વૃક્ષ કરંજનાં ૩,૧૪૦ વૃક્ષ, નીલગીરીનાં ૪,૫૪૫ વૃક્ષ, અરડૂસીનાં ૪,૭૮૬ વૃક્ષ, બદામનાં ૬,૮૧૪ વૃક્ષ, સરગવાનાં ૬,૨૭૨ વૃક્ષ, જાંબુનાં ૨,૪૧૪ વૃક્ષ, સપ્તપર્ણીનાં ૪,૬૦૧ વૃક્ષ, ગાંડા બાવળનાં ૭,૫૨૬ વૃક્ષ અને અન્ય ૯૨,૫૪૦ વૃક્ષ તંત્રના ચોપડે નોંધાયાં હતાં. ઝોનવાઈઝ વૃક્ષની સંખ્યાની વિગત તપાસતાં મધ્યઝોનમાં ૨૩,૫૧૮ વૃક્ષ, પૂર્વ ઝોનમાં ૭૫,૪૯૭ વૃક્ષ, પશ્ચિમ ઝોનમાં ૮૪,૪૩૫ વૃક્ષ, ઉત્તર ઝોનમાં ૬૦,૬૭૭ વૃક્ષ, દક્ષિણ ઝોનમાં ૮૯,૮૬૩ વૃક્ષ, નવા પશ્ચિમ ઝોનમાં ૮૪,૧૮૯ વૃક્ષ નોંધાયાં હતાં. શહેરના સમૃદ્ધ ગણાતા પશ્ચિમ ઝોનમાં લીમડાના સૌથી વધુ ૧૮,૫૬૨ વૃક્ષ, આસોપાલવનાં ૧૬,૦૨૦ વૃક્ષ, કણજીના ૬,૬૨૭ વૃક્ષ અને ગુલમોરનાં ૪,૭૧૯ વૃક્ષ અને વડનાં ૧૭૧૫ વૃક્ષ હતાં. જ્યારે નવા પશ્ચિમ ઝોનમાં લીમડાનાં ૧૩,૦૨૬ વૃક્ષ, દેશી બાવળનાં ૭,૪૮૮ વૃક્ષ, આસોપાલવનાં ૭,૩૩૮ વૃક્ષ અને વડનાં ૬૯૧ વૃક્ષ તંત્રના ચોપડે આવ્યાં હતાં. નિષ્ણાતોના મતે, વૈશ્વિક માપદંડ પ્રમાણે કોઈપણ શહેરમાં સરેરાશ ૧૨ ટકા ગ્રીન કવર હોવું જોઈએ પરંતુ અમદાવાદમાં સતત સિમેન્ટ ક્રોકિંટના જંગલ સર્જાતાં હોઈ વૈશ્વિક માપદંડથી અડધું પણ ગ્રીન કવર નથી. બીજી તરફ મેટ્રો રેલ સહિતના વિભિન્ન પ્રોજેક્ટ હેઠળ છેલ્લાં છ વર્ષમાં ૮થી ૯ હજાર ઘટાટોપ વૃક્ષોનું નિકંદન કઢાયું છે. તંત્ર દ્વારા આ સમયગાળામાં દર વર્ષે ૧ લાખ જેટલાં સરેરાશ વૃક્ષ વાવવામાં આવ્યાં હોવા છતાં આજે વૃક્ષની કુલ સંખ્યા ૭.૫૦ લાખ સુધી પણ પહોંચતી નથી જેની પાછળનું મુખ્ય કારણ એકવાર વૃક્ષરોપણ કરાયા બાદ જે તે રોપાની માવજત પ્રત્યે સેવાતુંદુર્લક્ષ છે. પાર્યાવરણવાદીઓ એ સત્તાવાળાઓના વૃક્ષ નિકંદનની નીતિ પરત્વે ઉગ્ર આક્રોશ વ્યકત કરી શહેરનું ગ્રીન કવર વધારવા માંગણી કરી હતી.

### મધ્ય ગુજરાતમાં નીચાણવાળા વિસ્તાર જળબંબાકાર

# વરસાદી કહેર હજુય અકબંધ

ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો છ જેના પરિણામ સ્વરૂપે જનજીવન પણ ખોરવાયું છે. ઓલપાડમાં વરસાદી આફત સમસ્યા સર્જી રહી છે. જ્યારે મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. ચિત્ર નીચે મુજબ છે.

**ઓલપાડમાં વરસાદી આફત**

મેઘરાજાએ છેલ્લા અઠવાડિયાથી દક્ષિણ ગુજરાતને વરસાદી કહેરમાં જકડી લીધુ છે. ખાસ કરીને સુરતના ઓલપાડમાં આજે વરસાદી આફત વરસી હતી અને ગણતરીના કલાકોમાં આઠ ઇંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર સર્જાયો હતો. વરસાદી પાણી લોકોના ઘરોમાં ઘૂસી ગયા હતા, તો, શાળા-કોલેજોમાં રજા જાહેર કરી દેવાઇ હતી. રોડ-રસ્તાઓ, દુકાનો કે બજારો જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી નજરે પડતું હતું. ઓલપાડમાં અતિ ભારે વરસાદ અને જળબંબાકારની સ્થિતને લઇ ૧૦૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંત કરાવાયું હતું. સમગ્ર દક્ષિણ ગુજરાતના અનેક પંથકો અને વિસ્તારોમાં બેથી લઇ આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કામરેજ,ગણદેવી, કપરાડા ઓલપાડ અને વઘઈમાં આઠ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જ્યારે ખેરગામ, ચીખલી અને સુરત શહેરમાં ૬ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. વલસાડના પારડી, નવસારીના વાંસદા, બારડોલીમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ભરૂચ જિલ્લાના અનેક પંથકોમાં પણ ભારે વરસાદ પડયો હતો, જેને લઇ ઘૂંટણસમા પાણી ભરાઇ ગયા હતા. નવસારીમાં અતિ ભારે વરસાદ નોંધાતા અહીં પણ જનજીવન ભારે અસર પામ્યું હતું. ખાસ કરીને નવસારીના દરિયાના પાણી નજીકના ગામોમાં ઘૂસ્યા હતા, જેને લઇ લોકો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. નવસારીમાં પણ વરસાદી કહેરને લઇ ૨૭૫થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી.

**મધ્ય ગુજરાતમાં વડોદરા સહિતના પંથકોમાં ભારે વરસાદ**

મધ્ય ગુજરાતમાં વડોદરા, પાદરા, ડભોઇ સહિતના પંથકોમાં પણ મેઘરાજાએ જોરદાર તોફાની ઈનીંગ રમી હતી. ગણતરીના કલાકોમાં વડોદરામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં રોડ, રસ્તાઓ, સોસાયટીઓ, દુકાનો સહિત તમામ જગ્યાએ વરસાદી પાણી ફરી વળ્યા હતા. માત્ર ત્રણ ઈંચ વરસાદમાં વડોદરા પાણીમાં જાણે ગરકાવ બન્યું હતું. નીચાણવાળા વિસ્તારોની હાલત કફોડી બની હતી. ખાસ કરીને વડોદરાના અકોટા ગામમાં તો બેટ જવી સ્થિતિ સર્જાઇ હતી. બાળકોને બોટમાં બેસાડીને સ્કૂલ સહિતના સ્થળોએથી ખસેડવાની ફરજ પડી હતી. ભારે વરસાદના કારણે વડોદરાનું જનજીવન પ્રભાવિત થયું હતું. વડોદરા, પાદરા, કરજણ, શિનોર, ડભોઇ, ડેસર સહિતના પંથકોમાં એકથી ત્રણ ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાયો હતો. પાદરાના રણું અને ભોજ ગામ વચ્ચે બાળકો અને મુસાફરોને લઈ જતી એક બસ પાણીના પ્રવાહમાં ફસાતાં લોકોના જીવ તાળવે ચોંટયા હતા.

### કોંગ્રેસ સાંપ્રદાયિક પાર્ટી : જાવડેકર

# કોંગ્રેસ મુસ્લિમોની પાર્ટી છે : રાહુલના મતને ટેકો

**(એજન્સી) નવી દિલ્હી,**

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી દ્વારા મુસ્લિમ બુદ્ધિજીવીઓની વચ્ચે કોંગ્રેસ પાર્ટીને મુસ્લિમોની પાર્ટી દર્શાવવાને લઈને વિવાદ હજુ શાંત થઈ રહ્યો નથી. કોંગ્રેસે ભલે ઉર્દુ અખબારના અહેવાલને ફગાવી દીધો છે. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે રાહુલ ગાંધીએ કોંગ્રેસને મુસ્લિમોની પાર્ટી તરીકે ગણાવી હતી પરંતુ હવે એજ અખબારમાં કોંગ્રેસના લઘુમતી મોરચાના પ્રમુખ નદીમ જાવેદના ઈન્ટરવ્યુમાં કહેવામાં આવ્યું છે કે રાહુલ ગાંધીએ કોંગ્રેસને મુસ્લિમોની પાર્ટી ગણાવી હતી. બીજી બાજુ ભાજપે પણ આ તકને હાથમાંથી નહીં જવા દેવાની આગાહી કરી લીધી છે. ભાજપના વરિષ્ઠ નેતા પ્રકાશ જાવડેકરે આજે પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે કોંગ્રેસના આરોપોને ફગાવી દેવાની બાબત તેના પાખંડને રજુ કરે છે. જાવડેકરે કહ્યું હતું કે કોંગ્રેસ એક ઘોર સાંપ્રદાયિક પાર્ટી છે. ભાજપ નેતાએ કોંગ્રેસની નેતા શશી થરૂર ઉપર પણ પ્રહારો કર્યા હતા. થરૂરે હાલમાં જ હિન્દુ પાકિસ્તાનની વાત કરી હતી. ભાજપ નેતાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે કેરળમાં કોંગ્રેસે રામાયણના સંદર્ભમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું પરંતુ આ કાર્યક્રમને છેલ્લી ઘડીએ રદ કરવામાં આવ્યો હતો.

### હાલમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી

# અરૂણ જેટલી મોનસૂન સત્રમાં ગેરહાજર હશે

**(એજન્સી) નવી દિલ્હી,**

કેન્દ્રિય મંત્રી અરૂણ જેટલી સંસદના અતિ મહત્વપૂર્ણ મોનસૂન સેશનમાં હાજરી આપશે નહીં. ૧૮મી જુલાઈથી મોનસૂન સત્રની શરૂઆત થઈ રહી છે. આ મોનસૂન સત્ર ૧૦મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. અરૂણ જેટલી તબીબોની સૂચના મુજબ હાલ આરામ ઉપર છે. ૧૪મી મેના દિવસે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એમ્સમાં અરૂણ જેટલીએ કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરાવી હતી. અરૂણ જેટલી છેલ્લા ઘણા સમયથી રાજકીય રીતે સક્રિય નથી. અરૂણ જેટલીની ગેરહાજરીમાં ભારતીય જનતા પાર્ટી રાજ્યસભામાં ગૃહના નવા નેતા તરીકે કોઈ અન્યની પસંદગી કરશે. આ પોસ્ટ હાલમાં અરૂણ જેટલી પાસે છે. નાણા મંત્રાલય અને અન્ય મોટી જવાબદારી અરૂણ જેટલી સંભાળી રહ્યા છે પરંતુ તેમની ગેરહાજરીમાં આ મોટી જવાબદારી હાલમાં રેલવે અને કોલસા પ્રધાન પિયુષ ગોયલ દ્વારા સંભાળવવામાં આવી રહી છે.

### બંને દેશો વચ્ચે સંબંધો મજબૂત કરવા તૈયારી

# ડોનાલ્ડ ટ્રમ્પ અને પુટીન વચ્ચે ઐતિહાસિક શિખર બેઠક થઈ

**(એજન્સી) હેલસિંકી,**

અમેરિકા અને રશિયા વચ્ચેના સંબંધો ભલે ઉતાર ચઢાવ વાળા રહ્યા છે પરંતુ આજે બંને દેશોના નેતા ફિનલેન્ડના પાટનગર હેલસિંકીમાં મળ્યા ત્યારે તેમની વચ્ચે સંબંધોને સુધારવાને લઈને ઉત્સુકતા સ્પષ્ટપણે દેખાઈ હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતીન વચ્ચે ઐતિહાસિક શિખર મંત્રણાની શરૂઆત આ બાબતથી થઈ હતી કે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો સ્થાપિત કરવામાં આવશે. ટ્રમ્પે કહ્યું હતું કે અસામાન્ય સંબંધો સ્થાપિત કરવામાં આવશે. પુતીને કહ્યું હતું કે દુનિયાભરના રહેલા વિવાદોનો ઉકેલ સમયની જરૂરીયાત છે. સમિટ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા અને રશિયા સાથે મળીને ચાલી રહ્યા ન હતા પરંતુ તેમને લાગે છે કે દુનિયા આ બંને દેશોને સાથે જોવા માંગે છે. પુટીને કહ્યું હતું કે ટ્રમ્પે હંમેશા ફોન મારફતે આંતરરાષ્ટ્રીય ઈવેન્ટો દ્વારા સંપર્કો યથાવત રાખ્યા છે. હવે સમય આવી ગયો છે કે અલગ અલગ આંતરરાષ્ટ્રીય સરહદો અને સમસ્યાઓ પર વાત કરવામાં આવે. ટ્રમ્પે આજે ટ્વીટ કરીને કહ્યું હતું કે રશિયાની સાથે અમારા સંબંધો ક્યારે પણ એટલા ખરાબ રહ્યા નથી. આની તપાસ પણ કરવાની જરૂર નથી. નાટો સમિટ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે પુટીન તેમના દુશ્મ નહીં પરંતુ સ્પર્ધક છે. ગયા સપ્તાહમાં એવા અહેવાલ પણ આવ્યા હતા કે તેમની વચ્ચે જોરદાર ખેંચતાણ રહેલી છે. અત્રે નોંધનિય છે કે ટ્રમ્પ પર સતત એવું દબાણ લાવવામાં આવી રહ્યું છે કે તેઓ આ સમિટ દરમ્યાન પુટીનની સામે ચૂંટણીમાં રશિયન દરમ્યાનગીરીનો મુદ્દો ઉઠાવે. જોકે આ મુદ્દો છવાયો ન હતો. પુટીન પહેલા પણ પોપ અને બ્રિટનના મહારાણીને મળવા માટે પહોંચ્યા હતા. ટ્રમ્પ અને તેમના અધિકારી આ સમિટમાં એવી અપેક્ષા રાખી રહ્યા ન હતા. જોકે હલેસિંકીમાં આયોજિત આ સમિટ થોડીક મોડેથી શરૂ થઈ હતી.